R.N.I. No. 14593/1957

# પગદંડી

**PAGDANDI**

VOL.68 ISSUE NO. 09 - DECEMBER 2025 - 60 PAGES - RS. 15/-




Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
**Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org**

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વીશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાઈક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯
૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

ક.વી.ઓ. સેવા સમાજનું દરેક ઘરે પહોંચતું અને વંચાતું નિષ્પક્ષ માસિક મુખપત્ર એટલે પગદંડી. રીતિ-રિવાજ, સમાજ સુધારા, રૂઢિઓ, છૂટાછેડા, આરોગ્ય, અભ્યાસ, દેશ-વિદેશ, સમાજની સંસ્થાઓ, ચૂંટણીઓ, ધાર્મિક, રાજકારણ, દરેક સમસ્યા અને એના નિરાકરણને વાચા આપતી જાગૃતિની પ્રજ્વલિત મિશાલ એટલે પગદંડી. સમાજના વિચારવંત લેખકો અને વિવિધ સ્તરોના લોકોને જોડી રાખનાર કડી એટલે પગદંડી.

છેલ્લા સાત દાયકાથી વધારે સમયથી ક.વી.ઓ. સેવા સમાજ દ્વારા પ્રકાશિત પગદંડી, સમાજની આન, બાન અને શાન છે. ક.વી.ઓ. જ્ઞાતિના શ્રેષ્ઠ તેમ જ વિચારશીલ લેખોથી સંપાદિત પગદંડી આઠ હજારથી વધારે કુટુંબો નિયમિતપણે વાચેં છે. તે ઉપરાંત એની ડિજિટલ કૉપી પણ સોશિયલ મીડિયાના માધ્યમથી અગિણત વાચકોમાં લોકપ્રિય છે.

આપ આપના ધંધા, રોજગાર, દુકાન કે વિવિધ ઉત્પાદનની વસ્તુઓની જાહેરખબર પગદંડીમાં આપી, આપના દુકાન, પ્રોડક્ટની બ્રાન્ડને વધુ મજબૂત કરી શકશો. આપની જાહેરખબરથી આપના ધંધા, આપના પ્રોડક્ટ ઉપરાંત ક.વી.ઓ. સેવા સમાજની વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓને પીઠબળ મળશે.

| જાહેરખબરનો પ્રકાર | વાર્ષિક દર |
|---|---|
| બ્લેક એન્ડ વ્હાઇટ અડધું પાનું | રૂા. ૨૫,૦૦૦/- |
| બ્લેક એન્ડ વ્હાઇટ આખું પાનું | રૂા. ૫૦,૦૦૦/- |
| મલ્ટિકલર 100 GSM Art Paper (કવરપેજ - અંદરનું બીજું/છેલ્લેથી બીજું) | રૂા. ૯૦,૦૦૦/- |
| મલ્ટિકલર 100 GSM Art Paper (કવરપેજ - છેલ્લું પાનું) | રૂા. ૧,૦૦,૦૦૦/- |

**સંપર્ક - ૦૨૨ ૨૩૭૧ ૪૬૭૪; ૦૨૨ ૨૩૭૭ ૩૦૩૨; ૯૬૧૯૨ ૩૩૦૦૦**

**લિ. તંત્રીઓ**

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯
૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ કયુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર ક્લિક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

---

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

# પગદંડી

ડિસેમ્બર ૨૦૨૫

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| સોટી વાગે ચમચમ | સંજય ચંદનબેન વિસનજી છેડા.................... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ........................................................ | ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન.................. | ૧૧ |
| પગ મેં ભમરી............................................................ | લીલાધર હાંસબાઈ માણેક ગડા ‘અધા’......... | ૧૩ |
| કચ્છના રણ-અખાતના ટાપુઓ | | |
| મને ખબર હોત તો..................................................... | રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ.................. | ૧૭ |
| અમેરિકામાં જૈન ધર્મના મિશનરી : રામ ગડા ......... | વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ .................... | ૨૧ |
| આપણા સમાજની પ્રતિભા રીધમ ઊર્મિ હર્ષલ મામણિયા | સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા.... | ૨૫ |
| ઘરની બારી... મનની બારી અને આપણે...................... | પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિઃશબ્દ)...... | ૨૯ |
| કોરી આંખના આંસુ..................................................... | ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે.... | ૩૩ |
| કૃત્રિમ બુદ્ધિમત્તા ........................................................ | રાજેશ જવેરબેન નરશી સાવલા ............... | ૩૭ |
| વૃદ્ધાવસ્થા.................................................................. | વસંત જેઠીબાઈ લીલાધર ગાલા .................. | ૪૦ |
| **પ્રતિભાવ – પ્રતિસાદ** ................................................ | | |
| પ્રતિભાવ હું માટુંગા બોર્ડિંગ બોલું છું | બુદ્ધિચંદ ગંગાબાઈ હિરજી મારુ.................... | ૪૨ |
| | દામજી મીઠાબાઈ ઉમરશી સાવલા................. | ૪૨ |
| | લક્ષ્મીચંદ કંકુબાઈ મુરજી વોરા .................... | ૪૩ |
| | હરખચંદ પાનબાઈ ભાણજી કેનિયા ............. | ૪૩ |
| **પગદંડીને પત્ર**.............................................................. | | |
| ડસ્ટબીન ..................................................................... | ચીમનલાલ સાકરબેન વિસનજી દેઢિયા........... | ૪૪ |
| પાણી પહેલાં પાળ બાંધવી.................................... | જયંત ગોમીબેન ગણશી જાગાણી | ૪૬ |
| ઉર્મિલહર.................................................................... | સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા... | ૪૭ |
| અહેવાલ..................................................................... | ................................................................ | ૫૦ |
| સાંત્વન........................................................................ | ................................................................ | ૫૬ |
| મુખપૃષ્ઠ ચિત્ર ........................................................... | **AI** ગૂગલ જેમિની | |



**ટાઈપસેટીંગ : ધીરેન તારાબેન મુરજી ગાલા (કોટડા (રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦**

**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**


ATUL GALA
MO. 93 2222 1205
ROHIT GALA
MO. 98200 99251
Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
RAJESH GALA
MO. 98200 32010/50
CHIRAG GALA
MO. 97 0202 9280
Catering Services
Celebrate The Joy Of Togetherness With Flawless Food Catering...!
Birthday Party
Wedding Catering
Buffet Catering
Corporate Catering
Business Event
Special Occasions
5, Natraj Building, Laxmi Narayan Lane, Matunga (C.R), Mumbai - 400019.
www.galacaterers.in
info@galacaterers.in

# તંત્રીસ્થાનેથી



## સોટી વાગે ચમચમ

રવિવારની સવારે તંત્રીલેખમાં શું લખવું એની અસમંજસમાં છાપું ઉથલાવી રહ્યો હતો અને વાલીઓ દ્વારા શિક્ષક પર પોલીસ કેસનો એક કિસ્સો વાંચ્યો. આગળ પાનાં ફેરવતાં કેરળની એક કોર્ટનો ચુકાદો વાંચ્યો, જેમાં રીતસરની માર્ગદર્શિકા હતી કે શિક્ષક દ્વારા કઈ શિક્ષા સ્વીકાર્ય છે અને કઈ અસ્વીકાર્ય.

અને મન ફ્લેશબૅકમાં કાંદિવલીના સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલયના પરિસરમાં દોડી ગયું. જુનિયર કેજી કે સિનિયર કેજી કે પ્રાથમિક શાળામાં તો કોઈ શિક્ષા યાદ નથી, પણ પાંચથી દસ ધોરણમાં ઘણીબધી આવી ***મીઠી*** યાદો છે. (શિક્ષકોની એ શિક્ષાએ જ આપણને સૌને આજે આપણે જ્યાં છીએ ત્યાં સુધી પહોંચાડ્યા છે અને એટલે જ એ બધી શિક્ષાઓ આજે મીઠી લાગે છે)

ક્યારેક ચાલુ ક્લાસમાં બાજુમાં બેઠેલા સહપાઠી સાથે વાત કરતાં હોઈએ અને અચાનકથી ક્લાસ ટીચરનો ઊડતો ચોક આવીને વાગે અને મોટા ધોરણમાં (જ્યારે ઊડતી રકાબીની સમજ નહોતી ત્યારે પણ) ઊડતા ડસ્ટર પણ આપણે સૌએ જોયા જ હશે. ક્યારેક હાથની હથેળીમાં લાકડાની ફૂટપટ્ટીથી હાથ આખો દિવસ લાલ પણ રહ્યો છે, તો ક્યારેક ઊંધા હાથ રાખી હાથના Knuckles પર પણ ફૂટપટ્ટીના ફટકા ખાધા છે.

ક્લાસની બહાર હાથ ઉપર રાખીને આખો પિરિયડ ઊભા રહેવું કે પછી અંગૂઠા પકડી મૂર્ગા બનવું પણ અમારા સૌને માટે સામાન્ય હતું. (કો-એડ સ્કૂલ ના હોવાથી ક્લાસની બહાર સજા મેળવીને ઊભા રહીશું તો કોઈ છોકરી જોઈને શું વિચારશે એવી ચિંતા લગીરે નહોતી.)

મને યાદ છે કે સંસ્કૃતના એક સર જે મિલિટરીમાંથી રિટાયર થઈને શિક્ષક તરીકે આવ્યા હતા અને કોઈ કારણસર એમણે ક્લાસના મોટા ભાગના વિદ્યાર્થીઓને ચોગાનનાં અમુક ચક્કર દોડાવ્યા હતા. સાંજ સુધી બધાના પગના ગોટલા વળી ગયા હતા અને બીજા

દિવસે કેટલાય વિદ્યાર્થીઓ બીમાર પડી ગયા હતા. એ જમાનો એવો હતો કે જો ઘરે કહીએ કે સ્કૂલમાં શિક્ષા થઈ, તો પહેલા એક તમાચો પડે અને પછી પૂછવામાં નહીં, પણ કહેવામાં આવે કે ''ભૂલ તારી જ હશે. નહીંતર શિક્ષક શું કામ શિક્ષા કરે,'' (આવામાં પોલીસ કેસ, કોર્ટ કેસનું કોઈને સપનું પણ ના આવે). એક એ જમાનો હતો અને એક આ જમાનો છે કે શિક્ષકની નાનકડી સજા માટે પણ વાલીઓ આખી સ્કૂલ માથે લઈ લે કે પોલીસ કે કોર્ટ કેસ સુધી મામલો જાય.

**શું બદલાઈ ગયું ? ક્યારે ?**

આ ફેરફાર પાછળ ફક્ત ભાવનાઓ નથી, આખો સમાજ, કાયદા, પરિવારનું માળખું, શાળાની પદ્ધતિ-બધું બદલાઈ ગયું છે.

૧. **ગુરૂર્બ્રહ્મા: ગુરૂર્વિષ્ણુ: ગુરૂર્દેવો મહેશ્વર: ગુરૂર્સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમ:**
ગુરુ જ બ્રહ્મા, ગુરુ જ વિષ્ણુ અને ગુરુ જ શિવ એ ભાવના હવે માત્ર શ્લોકમાં સીમિત રહી ગઈ છે. ''સાહેબ, મારા દીકરાને મારો, ધમકાવો, પણ માણસ બનાવી દેશો.'' એને બદલે આજના વાલી કહે છે, કે ''મારાં દીકરા / દીકરીને અમે કદી ઊંચા અવાજે વાત પણ નથી કરી''.

આજના વાલીઓ ઈચ્છે છે કે ''મારો દીકરો/દીકરી ડરે નહીં, આત્મવિશ્વાસથી ઊભો રહે.'' મારથી નહિ, સમજથી બાળક વધે - આ વિચાર વધી રહ્યો છે.

૨. **The Right of Children to Free and Compulsory Education Act 2009 (RTE Act)** રાઈટ ટુ ઍજ્યુકેશન ૨૦૦૯ તેમ જ National Commission for protection of Child Rights, આ કાયદાઓના આવ્યા પછી બાળક ઉપર શારીરિક સજા કાયદેસર ગુનો ગણવામાં આવે છે. હવે નીતિ અને કાયદામાં સ્પષ્ટ છે કે બાળકને માર મારવો, કાન ખેંચવો, જાહેરમાં અપમાન કરવું, આ બધું ''શિક્ષણની રીત'' નહીં, ''અસ્વીકાર્ય વર્તન'' છે.

૩. **અભ્યાસની પદ્ધતિ**
પહેલાંની શિક્ષણ પદ્ધતિમાં રટણનું ચલણ હતું. આ નથી સમજાતું કે ખોટું પડ્યું તો ''સો વખત લખી આવજો''. એ જ અભ્યાસની મુખ્ય રીત હતી. ત્યારે સમજવા કરતાં યાદ રાખવાનું વધારે મહત્ત્વ હતું. એ જમાના અને આજના કૉમ્પ્યુટર, ઈન્ટરનેટ અને

મોબાઈલના જમાનાએ શિક્ષણ પદ્ધતિમાં ધરમૂળથી પરિવર્તન લાવી દીધું. આ બધા પરિવર્તનમાં એક છેદ ઊડી ગયો એ આ સૂત્રનો **''સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રમઝમ''.**

### ૪. ફેલ થવાનો ડર

એ જમાનામાં ફેલ થવું એ ઘર માટે શરમ, સમાજ માટે ચર્ચાનો વિષય બની જતો. વળી વાલીઓ એ પણ કહેતા કે ''માર ઓછો પડ્યો છે, ભણતો નથી.'' વળી સમાજ અને પરિવારનું માળખું પણ એવું હતું કે સંયુક્ત કુટુંબ, વધારે બાળકો. એક ઘરમાં ઘણાં બાળકો, આવક મર્યાદિત. એટલે વાલીઓ એટલું જ વિચારતા કે ''કોઈ તો બે-ચાર ધોરણ ભણી જશે, બાકીના ને કામ-ધંધો મળી જશે.'' આજના જમાનામાં ફેલ થવું એ એટલો મોટો ઈસ્યૂ જ નથી રહ્યો.

### ૫. સરકારી કે ટ્રસ્ટની શાળાઓને બદલે પ્રાઈવેટ શાળાઓનું ચલણ / વલણ

એ જમાનો હતો જ્યારે સામાન્ય મધ્યમ પરિવારમાંથી મોટા ભાગનાં બાળકો સરકારી/ અનુદાન મળતી શાળામાં ભણતાં. જ્યારે આજના જમાનામાં સ્કૂલ એક બિઝનેસ બની ગયો છે અને  દરેક બાળક અને વાલી, એક કસ્ટમર, એક ગ્રાહક. ખાનગી શાળાઓમાં ભારે ફી. વાલીની વિચારધારા હવે એ છે કે ''અમે રૂપિયા ભરીએ છીએ, તો અમારી વાત અંતિમ.'' ''મારા દીકરાએ ભૂલ કરી છે કે નહીં, એ પછી; શિક્ષકે કોઈ શારીરિક શિક્ષા કરી એટલું પૂરતું ફરિયાદ કરવા માટે''.

શિક્ષણના નામે શાળાઓમાં અન્ય કેટલીય આવકો શરૂ થઈ ગઈ છે. કપડાં, બસ ટ્રાન્સપોર્ટેશન, પ્રોજેક્ટસ, ટ્રીપ આ બધા વચ્ચે શિક્ષણ ''સેવા'' કરતાં ''મોટો બિઝનેસ'' બની ગયો છે.

### ૬. મોબાઈલ ફોન

આજકાલ દરેક બાળક પાસે કે વાલી પાસે ફોન કેમેરા હોય છે અને એટલે વર્ગમાં થયેલી ઘટના સહેલાઈથી રેકૉર્ડ, શેર, ''વાયરલ'' થાય છે. શાળા સંચાલકો સતત એક ભયમાં હોય છે કે ''કોઈ ઉપરથી ફરિયાદ આવી જશે તો?'' વળી સોશિયલ મીડિયાને કારણે નાનામાં નાની ઘટનાને પણ મિનિટોમાં આખા દેશમાં ફેલાવી શકે છે અને આને કારણે એકતરફી વીડિયો પરથી આખી શાળાનું નામ ખરાબ થવાનું જોખમ વગેરે હોઈ, સ્કૂલ મૅનેજમેન્ટ પણ વાલીઓ તરફ ઝોક ધરાવે છે.

### ૭. માહિતીનો વિસ્ફોટ

ટેલિવિઝન, ઈન્ટરનેટ વગેરેને કારણે, વિદેશી દેશોનાં શિક્ષણ મૉડેલ વગેરે બાળકો,

વાલીઓ માટે હાથવગાં છે. પહેલાં જ્યાં માત્ર SSC બોર્ડ હતું, ત્યાં હવે CBSE, ICSE, IB, NOIS, CIE IGCSE જેવા કેટકેટલાં શિક્ષણ મૉડેલ આપણા દેશમાં ઉપલબ્ધ છે અને આ બધાને કારણે શિક્ષણની પદ્ધતિ, બાળકોની ભણવાની રીત અને વાલીઓની અપેક્ષાઓ બધું બદલાઈ ગયું છે. લોકો વિશ્વભરની સ્કૂલ, કૉલેજ વિષે વાંચે છે અને એ બધું જ આપણા દેશમાં પણ એક્સપેક્ટ કરે છે.

**પરિણામ**

**૧. શિક્ષકની મનોદશા**

''કોઈ બાળક ઉપર અવાજ ઊંચો પણ ન કરવો, હાથ પણ ન લગાવવો'' આ બધું ધ્યાન રાખતાં રાખતાં બાળકોમાં શિસ્ત લાવવી એ શિક્ષકો માટે મુશ્કેલ થતું જઈ રહ્યું છે. કુમળી વયનાં નાદાન બાળકોને કોઈ ઊંચા અવાજ વિના, કોઈ શિક્ષા વિના કેમ શિસ્તમાં રાખવા, એ શાળા માટે તેમ જ શિક્ષકો માટે માથાનો દુખાવો સાબિત થઈ રહ્યો છે.

૨. ''બાળક પણ માનવ છે, તેનો હક છે.'' શિક્ષક દ્વારા શિક્ષા, પહેલા જે ''સામાન્ય'' ગણાતી, આજે એ ''અન્યાય'' ગણાય છે અને આકાશને આંબતી ફીસને કારણે જ્યાં પૈસા છે, ત્યાં ફરિયાદ, માગણી, દબાણ, શિક્ષણની ભાવનાથી આગળ નીકળી જાય છે અને પરિણામે દરેક બાળક તેમ જ વાલી ગ્રાહક બનીને રહી જાય છે અને શાળા અને શિક્ષક માત્ર સર્વિસ પ્રોવાઈડર.

૩. નવી શિક્ષણ પદ્ધતિથી કેટલાક અપવાદરૂપ કિસ્સાઓ, જ્યાં બાળકો પર ખુલ્લો અન્યાય થતો એ ઓછો થયો. શાળાઓમાં ફરિયાદ પેટી, પેરેન્ટ ટીચર્સ ઍસોસિયેશન (PTA) આવતાં બાળકોને પણ થોડું સાહસ મળ્યું છે કે કોઈ આકરી શિક્ષા થાય તો અવાજ ઉઠાવવો. વળી સોશિયલ મીડિયા, ગેમિંગ, મોબાઈલ તેમ જ પ્રાઈવેટ ટ્યુશન, સ્વિમિંગ, સ્કેટિંગ, વેદિક મેથ્સ, ક્યૂબ અને એવું તો કેટકેટલું. આ બધામાં બાળક પાસે મૂળભૂત શિક્ષણ માટે સમય પણ ઘટતો ગયો.

૪. નવી શિક્ષણ પદ્ધતિમાં શાળાને 'સુરક્ષિત સ્થાન' તરીકે જોવાનો પ્રયત્ન થાય છે જ્યાં ઘરના ઝઘડા, ગરીબી, તણાવ એ બધું ના હોય, પણ શાળા એ જગ્યા હોય જ્યાં બાળક ડરે નહીં અને મુક્તપણે ખીલે. ધ્યાન ઓછું રહે, લખવામાં મુશ્કેલી હોય, બોલવામાં વિલંબ, ચાલવામાં તકલીફ હોય એમને ''આળસુ'' કે ''મૂર્ખ'' કહીને દૂર ના ઠેલવામાં

આવે. નવી પદ્ધતિનું આ એક સારું પાસું છે, પણ સામે કેટકેટલા ગેરશિસ્તના ગેરફાયદા પણ ખરા.

૫. સેક્સયુઅલ હેરેસમેન્ટ વગેરે કારણોને કારણે હવે શિક્ષક બાળકોથી અંતર રાખે છે, સ્નેહથી પણ સ્પર્શ કરવાનું ટાળે. આ બધાને કારણે જ્યાં પ્રેમભરી સીમા હોવી જોઈએ, ત્યાં શંકા અને ભયની દીવાલ ઊભી થઈ રહી છે. આ બધાને કારણે શિક્ષકો પણ ''જેટલું ઓછું બોલવું. ઓછું જોડાવું એટલું સારું''. આવું વિચારીને ઘણા સારા શિક્ષકો પોતાને ખેંચી લે, સમેટી લે છે અને જ્યારે શિક્ષકો ''વર્ક નો રૂલ'' અપનાવે, બાળકનો સર્વાંગી વિકાસ પણ માર ખાય છે.

**૬. વાલીઓનું અતિસુરક્ષિત વલણ**

''મારા બાળકને કશું નહીં કહેવું'' વૃત્તિ, બાળકના શિક્ષણમાં, એના હોમવર્ક કરવા કે ના કરવા, વગેરેમાં અવરોધ ઊભા કરે છે. વળી આજકાલના મોટા ભાગના કિસ્સાઓમાં વાલીઓ પોતાના બાળકની ભૂલ સ્વીકારવા તૈયાર નથી અને વિના શિસ્તના આ વાતાવરણમાં બાળક શિસ્ત કે કડક શબ્દ, વગેરેનું મહત્ત્વ ભૂલી જાય છે. એને જીવનમાં કોઈ પણ નાની વાતમાં પણ તરત લાગી આવે છે, જીવનમાં હાર-જીત, તકલીફ-સુખ, આ બધું ચાલ્યા કરે એ હકીકત સહન કરવાની શક્તિ ઓછી થતી જાય છે.

**૭. આગળનો માર્ગ - બે અતિરેક વચ્ચેનું સંતુલન**

''સોટી વાગે ચમચમનો સમય'' લાવવો બરાબર નથી, પણ મારા બાળકને કાંઈ પણ કહેવું નહીં એ પણ એટલું જ ખોટું. દરેક શાળામાં સ્પષ્ટ વર્તન બાબતની લિખિત નીતિ હોવી જોઈએ. કેટલી ભૂલ પર શું થશે, પહેલું પગલું શું, છેલ્લું શું. શિક્ષકની ભૂમિકા પણ યોગ્ય રીતે બેલેન્સ કરવી પડશે. પ્રેમાળ પણ, કડક પણ.

કડક શબ્દથી, નિયમથી, ઊંચા ધોરણ રાખીને પણ બાળકને ઈજા કર્યા વગર શિસ્ત જાળવી શકાય એ વાત શિક્ષકોએ શીખવી પડશે. વાલીઓએ પણ પૂરતો સહયોગ આપવો જ રહ્યો. દરેક બાબતમાં સીધા ઝઘડો નહીં. પહેલા પૂરતી માહિતી મેળવવી. શિક્ષક સાથે શાંતિથી વાત કરવી જ રહી. વળી કેટલાક મૂળભૂત ગુણો બાળકને ઘરમાંથી જ શિખવાડવા રહ્યા, જેમ કે વહેલા ઊઠવું, વહેલા સૂઈ જવું, મોબાઈલની મર્યાદા, ટીવી-રમતનો સમય નક્કી આ બધી શિસ્ત ઘરની ફરજ છે, નહીં કે માત્ર શાળાની.

**- સંજય ચંદનબેન વિસનજી છેડા**

- રતાડિયા ગણેશવાલા, **મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com




ડૉ. ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન


## વિચારકણિકા

## GEN-Z (જેન-ઝી)

તાજેતરના મહિનાઓમાં આપણે જોયું કે બાંગ્લાદેશની સરકારનું પતન GEN-Z (જેન-ઝી)ની ઓચિંતી ફાટી નીકળેલ ચળવળના લીધે થયું. આ સમાચાર આપણે વિગતવાર સમજવાનો પ્રયત્ન કરીએ એટલામાં નેપાળ અને મડાગાસ્કરની સરકારનું પતન આ GEN-Z (જેન-ઝી)ના લીધે થયું. તો ચાલો આપણે GEN-Z (જેની-ઝી) શું છે એ સમજવાનો એક નાનકડો પ્રયત્ન કરીએ.

જનરેશન ઝેડ [GEN-Z (જેન-ઝી)] એ ૧૯૯૭ થી ૨૦૧૨ની વચ્ચે જન્મેલ યુવા પેઢી છે, જે ડિજિટલ યુગમાં ઉછરેલ છે. છઠ્ઠીના ધાવણ સાથે મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયાને બાળ ગોળી સાથે ઉછરેલ, આ યુવા પેઢી નવીન ટેકનોલૉજી સાથે ગાઢ રીતે સંકળાયેલ છે અને ઈન્ટરનેટ અને મોબાઈલના સતત સાંનિધ્યમાં રહીને વૈશ્વિક રીતે સામાજિક રીતે જાગૃત પેઢી છે. બધી જ વસ્તુઓને ઓન-લાઈન જોવાની આદતથી મજબૂર છે. સામે ઈન્ટરનેટનો સતત ઉપયોગ કરી વિશ્વની વિવિધ સંસ્કૃતિ વિષે જાણવા ઉત્સુક હોય છે અને વ્યક્તિગત સ્વતંત્રતાને વધારે મહત્ત્વ આપે છે. આ જનરેશન કારકિર્દીમાં સ્થિરતા અને સુરક્ષાને મહત્ત્વ આપે છે. ટેકનોલૉજીના ટેરવે પોતાની કારકિર્દીનું ઘડતર કરે છે. પુસ્તકોના બદલે ફોન-મોબાઈલ ઉપર પોતાનો સમય પસાર કરવાનું પસંદ કરે છે. અખબારોના બદલે સોશિયલ મીડિયા દ્વારા સમાચારનું વાંચન કરવા ટેવાયેલા છે.

ટૂંકા અને ઝડપી કન્ટેન્ટ - ટિક ટોક - રિલ્સ જેવા પ્લૉટફૉર્મને પસંદ કરે છે, પણ વર્તમાન સર્વે અનુસાર ૫૪% GEN-Z (જેન-ઝી) પેઢીના યુવાનો ડિપ્રેશન (હતાશા)નો શિકાર છે. ૪૫% લોકો સોશિયલ મીડિયા પર પરફેક્ટ લાઈફ-સ્ટાઈલનું દબાણ અનુભવે છે અને આ માનસિક તણાવ તેમનાં શિક્ષણ - કારકિર્દી અને સામાજિક સંબંધોમાં દેખાઈ આવે છે.

વધુ પડતી ટેકનોલૉજીના ઉપયોગ સાથે તેઓ સ્થાનિક, વર્તમાન, સામાજિક પરિસ્થિતિથી વધુ વાકેફ રહેતા નથી. સ્પિલસ - બિગફુટ જેવા Artificial Inteligence (AI) અવતાર. આ લોકોની માર્કેટિંગ શૈલી બદલવામાં વ્યસ્ત છે.

વર્ચ્યુઅલ ઈન્ફલુઅન્સરના પ્રભાવ હેઠળ જલદીથી આવી જાય છે અને તાજેતરમાં આપણા પાડોશી દેશોની સરકાર ઉથલાવવામાં આ પેઢીએ મહત્ત્વનો ભાગ ભજવેલ છે, પણ બદલાવના ઊંડાણમાં જોઈએ તો વિશ્વની મહાસત્તાઓ આ ચળવળમાં સંડોવાયેલી હોવાની શક્યતાઓ ભારોભાર છે. કોઈ પણ દેશની સરકાર ઉથલાવવામાં ભ્રષ્ટાચાર, બેરોજગારી, આર્થિક અસમાનતા જેવા મુદ્દાઓ ઉપર યુવા પેઢીને ઉશ્કેરી સત્તા બદલી કરાવવામાં આવે છે.

જેન-ઝીનું આંદોલન કરી પોતાના દેશના યુવાનો, વૃદ્ધ લોકોને સત્તામાંથી કાઢી મૂકી એના જેવા જ બીજા વૃદ્ધોને સત્તા સ્થાને બેસાડે છે. એવું તાજેતરમાં આપણે બાંગ્લાદેશમાં જોયું.

આ લેખ લખવાનો આશય એ છે કે આપણા દેશના યુવાનો પણ પડોશમાં જેન-ઝીના આંદોલનથી થયેલ સત્તા પરિવર્તન ઉપર બારીકાઈથી નજર રાખી રહ્યા છે, પણ પડદા પાછળ વિશ્વની મહાસત્તાઓની આડકતરી સંડોવણીથી આપણે એમને અવગત કરવા પડશે અને વર્તમાન સરકારને ભ્રષ્ટાચાર અને આર્થિક અસમાનતા ઉપર અસરકારક પગલાં લેવા પડશે, નહીંતર આ યુવા પેઢી આંદોલન કરી વર્તમાન સરકારને મુશ્કેલીમાં મૂકી દેશે અને મહાસત્તાઓ એમને આડકતરી રીતે ઉશ્કેરી પોતાનું ધાર્યું કરાવવામાં સફળ થશે.

આપણા સૌની એ ફરજ બની જાય છે કે યુવા પેઢીની માંગણીઓ ઉપર સત્વરે યોગ્ય પગલાં દ્વારા દેશના વિકાસમાં એમને ભાગીદાર બનાવીએ. મહાસત્તાઓ દ્વારા થતી રાજકીય દખલ વિશે અવગત કરીએ અને આપણા સમાજ/દેશના પડકારોનો સામનો કરી ભારતને વિશ્વ ગુરુ બનાવવાની પહેલ કરીએ.

દેશનું ભવિષ્ય આ યુવા પેઢી અને સતત બદલાતી ટેકનોલૉજીના સમન્વયમાં છે.

મો. : ૯૩૨૨૯૫૫૮૮૦

# પગ મેં ભમરી

✲ લીલાધર હાંસબાઈ માણેક ગડા-અધા ✲



## કચ્છના રણ-અખાતના ટાપુઓ

આપણા કચ્છને અઢઈ અખરો (અઢી અક્ષરવાળું) કચ્છ કહે છે. અઢી અક્ષર માનવાચક શબ્દ નથી. જે વ્યક્તિને મંત્ર-તંત્ર આવડતા હોય, થોડોક વિચિત્ર હોય તેને કચ્છી બોલીમાં અઢઈ અખરો કહે છે. આપણા કચ્છના અક્ષરો અઢી છે, પરંતુ કચ્છ વિચિત્ર નથી... હકીકતમાં એ વિશિષ્ટ છે અને તમામ પ્રકારે વિશિષ્ટ છે. મિતાક્ષરી કચ્છની બોલી વિશિષ્ટ છે અને એ બોલી બોલનારા માણસો વિશિષ્ટ છે. ખંત, ખાંખત અને ખમીર. કચ્છના ક પછી ખથી શરૂ થનારા અક્ષરથી શરૂ થનારા ત્રણ શબ્દો કચ્છી માડુની ઓળખ છે. કચ્છ પાસે રણ, ઘાસીયું મેદાન, ડુંગરો અને સમુદ્ર - ચારે ચીજો છે અને ચારે વિશિષ્ટ છે. કચ્છનો ઘાસીયો પ્રદેશ બન્ની એશિયાનો સૌથી મોટો ચરિયાણ પ્રદેશ છે. તો કચ્છનું રણ એ અસામાન્ય રણપ્રદેશ છે. કચ્છનું રણ રેતીનું રણ નથી. વિશ્વના દરેક ખંડમાં રણો રેતીના છે, જ્યારે કચ્છનો રણપ્રદેશ વર્ષાઋતુમાં પાણીથી સભર હોય છે, શિયાળામાં કાદવ-કીચડથી ભર્યો હોય છે અને ઉનાળામાં મીઠાનું રણ બને છે, સફેદ રણ બને છે. વિશ્વમાં ક્યાંય પણ આવો અજાયબીભર્યો રણપ્રદેશ નથી. ઑક્સફર્ડ ડિક્ષનરીમાં રણનો અર્થ દલદલ-કાદવ-કીચડ જમીન MARSHY LAND તરીકે કર્યો છે.

એવું જ કચ્છના અખાતનું છે. માંડવીથી શરૂ થતો કચ્છનો અખાત મોરબી જિલ્લાના નવલખી બંદરે પૂરો થાય છે જે સીધું અંતર ૧૦૦ કિલોમીટરથી વધારે નહીં હોય જ્યાં વિશ્વનાં મોટાં બંદરો પૈકીનાં બે બંદરો મુંદ્રા અને કંડલા છે અને ત્રીજું બંદર તુણા થોડા સમયમાં ધબકતું થઈ જશે. કચ્છ અખાતને છેડે વિશ્વની મોટી ઑઈલ જેટી પૈકીની વાડીનાર જેટી છે અને બે મોટી ઑઈલ રિફાઈનરીઓ છે. વિશ્વની સૌથી મોટી અંબાણી પરિવારની ઑઈલ રિફાઈનરી જામનગરમાં અને બીજી કચ્છના અખાતમાં છે. કચ્છનું રણ કોરી ક્રીકથી શરૂ થઈ કચ્છ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, મોરબી ચાર જિલ્લાઓને સ્પર્શી કચ્છના અખાતમાં પૂરું થાય છે. કોરી ક્રીકથી દાખલ થઈ માંડવી સુધી (રણ મોટું - નાનું અને કચ્છના અખાત મારફત) સાહસ યાત્રા યોજી શકાય. આ યાત્રા આપને કચ્છનાં બંન્નો રણો અને અખાતના ટાપુઓની ઓળખ કરાવશે અને આ ટાપુઓ પણ કચ્છની વિશિષ્ટતા છે.

કચ્છના અખાતમાં આવેલા નાના-મોટા ટાપુઓ પૈકી પીરોટન ટાપુ એની જળચર પ્રજાતિઓને કારણે જગવિખ્યાત છે. પીરોટન ટાપુ પર રાત્રિ પસાર કરવી અનોખો અનુભવ છે. પીરોટન ટાપુ પર રહેવા માટે તમારે તંબુઓ લઈ જવા પડે અને ભૂખ સંતોષવા ભોજન પણ સાથે લઈ જવું પડે. જામનગરનાં ફોરેસ્ટ વિભાગમાંથી રજામંદી - પરવાનગી લેવી પડે. અખાતનાં શાંત નિર્મળ જળ પારદર્શી હોય છે અને ત્યારે જલજીવ સંપત્તિનાં દર્શન થઈ શકે છે.

કચ્છનાં નાનાં-મોટાં રણમાં ઘણા ટાપુઓ રણ વચ્ચાળે આવેલા છે જેમાંથી બહુ થોડા ટાપુઓ પર માનવવસ્તી છે. ખડીર સૌથી મોટો ટાપુ છે જે કચ્છના મોટા રણમાં આવેલો છે અને અહીં વિશ્વ ધરોહર તરીકે નામના પ્રાપ્ત કરનાર ધોળાવીરા - સિંધુ સંસ્કૃતિના અવશેષો છે. ધોળાવીરા એક સમયે બંદર હતું અને રણપ્રદેશ દરિયાથી ઘેરાયેલો હતો. કાં દરિયો પાછળ હટી ગયો હશે અથવા જમીન ઊપસી આવી હશે એટલે કચ્છનું મોટું રણ છાજલી આકારનું (રકાબી આકાર) બની ગયું છે. ખડીર - ધોળાવીરા અંગે વાચકોને પૂરી જાણકારી છે એટલે એ સિવાયના અન્ય ટાપુઓ વિશેની માહિતી જાણીએ.

કચ્છના મોટા રણમાં કચ્છ અને સિંધ વચ્ચેના રણ વિસ્તારમાં ત્રણેક ટાપુઓ અથવા બેટ વિશે ૧૯૬૫ની ભારત અને પાકિસ્તાન વચ્ચેની લડાઈ પછી આમજનતાને ખબર પડી. ખાવડા પછી ઉત્તરે બીઆર બેટ, શક્તિ બેટ, છાડ બેટ વગેરે છે. ૧૯૬૫ સુધી કચ્છના રણમાં દિવાળી સુધી આવન-જાવન મુશ્કેલ હતી. રણનાં પાણી ઓછાં થાય પછી ઊંટ સવારીથી જઈ શકાય. ૧૯૬૫ પછી બન્ની અને બીઆર બેટ વચ્ચે તાત્કાલિક ધોરણે પુલનું નિર્માણ થયું જેને ઈન્ડિયા બ્રિજ કહે છે. આ પુલના નિર્માણ કાર્યની શરૂઆતે - ખાત મુહૂર્ત વખતે સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. કચ્છના મોટા રણમાં છાડ બેટ મોટો ચરિયાણ વિસ્તાર છે. કચ્છ અને સિંધના માલધારીઓ પોતાનાં પશુઓ ચરાવવા જતા હતા. છાડ બેટ કચ્છના રાજવીઓની માલિકીનો હતો. પાકિસ્તાને એના પર પોતાનો હક જમાવવા ૧૯૬૫માં આક્રમણ કર્યું. લડાઈમાં જીત ભારતની થઈ, પરંતુ તાશ્કંદ કરાર હેઠળ છાડ બેટને વિવાદિત જમીન તરીકે ગણવામાં આવી. કરાર હેઠળ એનો કેસ આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલને સોંપવામાં આવ્યો. ટ્રિબ્યુનલે બે વિરુદ્ધ એક ચુકાદો પાકિસ્તાનની તરફેણમાં આપ્યો અને છાડ બેટ પાકિસ્તાનને સોંપવામાં આવ્યો. હવે તો ભારતે આખી સરહદ ઉપર વાડ ઊભી કરી છે. કચ્છનાં મોટા રણનાં એક બેટમાં સ્વામીનારાયણ સંપ્રદાયે હનુમાનજીનું મંદિર નિર્માણ કર્યું છે. સફેદ રણોત્સ્વ માટે આવતા પ્રવાસીઓ પૈકી થોડા પ્રવાસીઓ હનુમાન ચોકી સુધી જાય છે.

ખાવડાથી ખડીર સુધીનો રસ્તો રણ વચ્ચે બન્યો છે જે રોડ ટુ હેવન તરીકે પ્રસિદ્ધ છે. આ રોડની ઉત્તરે આવેલા ટાપુઓ પૈકી એક ટાપુ જગવિખ્યાત ટાપુ છે જ્યાં પ્રતિવર્ષ હજારો સુરખાબો સંવનન ક્રિયા અને ઈંડા મૂકવા આવે છે. ઈંડામાંથી બચ્ચું જન્મે અને ઊડવા સમર્થ થાય ત્યાર પછી ફરી પાછા ઉનાળો ગાળવા યુરોપ કે સાઈબિરિયા તરફ પ્રયાણ કરે છે. શિયાળામાં હજારો સુરખાબોના કલરવથી ગુંજતો હંજ બેટ માર્ચ મહિના પછી સૂનો થઈ જાય છે. પચ્છમ બેટના કાંઢવાંઢ ગામથી ઊંટ ઉપર હંજ બેટ જઈ શકાય છે. ત્યાં માનવવસ્તી નથી. વિખ્યાત તસવીરકાર એલ. એમ. પોમલે હંજ બેટ પર તંબુમાં દિવસ-રાત ગુજારી સુરખાબોની દુનિયાની વિરલ તસવીરો વિશ્વ સમક્ષ રજૂ કરી હતી. મારા મિત્ર દોલતરાય રાઠોડે હનિમૂન હંજ બેટ પર માણી હતી, જ્યાં પતિ-પત્ની અને પક્ષીઓ સિવાય કોઈ ન હતું. ખાવડાથી ખડીર રોડમાં વચ્ચે વિરલ બેટ આવે છે. ખડીરની આસપાસ અમુક બેટો ચોમાસામાં પાણીમાં ગરક થઈ જાય છે અને પાણી ઊતરતાં છતા થાય છે. ખડીરની ઉત્તરમાં ભંજડો બેટ પ્રખ્યાત છે. સરફીરા લોકો (બહુ જૂજ સંખ્યામાં) એકાદ રાત ભંજડા બેટ પર ગુજારે છે. ખડીર ટાપુ અંગે વિસ્તૃત માહિતી મેં વર્ષો અગાઉ પગદંડીમાં પગમેં ભમરીમાં લખી હતી.

કચ્છના નાના રણમાં પણ નાના-મોટા ટાપુઓ છે. બનાસકાંઠામાં પાકિસ્તાન સાથેની બોર્ડર પાસે નડા બેટને ગુજરાત સરકારે પ્રવાસન સ્થળ તરીકે વિકસાવ્યું છે. કચ્છનું નાનું રણ મીઠાનું મુખ્ય ઉત્પાદન કેન્દ્ર છે. વિશ્વમાં થતા મીઠાના ઉત્પાદનનું અડધો અડધ ઉત્પાદન કચ્છના નાના રણમાં થાય છે.


ધરતીકંપ પછી પુનર્વસનનું કામ કરતી વખતે ભચાઉ અને રાપર તાલુકાની પુર્વ દિશાનાં ગામડાંની રખડપટ્ટી કરી હતી. સિંધુ સંસ્કૃતિના અવશેષો કાનમેર, ટગા પલાસવાની સીમોમાં પ્રાપ્ત થયા છે. આ બધાં ગામડાં રણકાંધીનાં ગામડાં છે. સવા સદી અગાઉ જ્યારે રેલ્વેનાં પગરણ નહોતાં થયાં, ત્યારે કચ્છનો મુંબઈ કે સૌરાષ્ટ્ર સાથેનો વહેવાર દરિયા રસ્તે થતો હતો, જ્યારે ગુજરાત અને મુબઈ વાયા વીરમગામ પલાસવાથી નાનું રણ પાર કરી સુરેન્દ્રનગરના પાટડી ગામે જવાતું. પલાસવાથી પાટડી પગે જવાતું હતું. આ વિસ્તારો નમક ઉત્પાદન માટે પ્રસિદ્ધ છે. આ વિસ્તારના મીઠાના અગરમાં કામ કરતા અગરિયાઓ સૌથી શોષિત સમુદાયો પૈકીના છે. અગરિયાનાં બાળકોના અભ્યાસ માટે કચ્છના નાના રણની કાંધીમાં વરણુ તીર્થ પાસે સુખપર ગામમાં હૉસ્ટેલ શરૂ કરી હતી ત્યારે ત્યાંના નાંદા બેટની મુલાકાતે ગયા હતા. નાંદા બેટની પાળની એક તરફ મીઠું પાણી અને બીજી તરફ ખારું પાણી છે. નાંદા બેટ પર અમાસ કે પૂનમની રાત્રિ પસાર કરવાનો રોમાંચ અલગ છે.

કચ્છના નાના રણમાં રાપર તાલુકાના આડેસરથી ૧૬ કિલોમીટર દૂર વરણુ તીર્થ

આવેલું છે. ત્યાં વરણુશ્વર મંદિર છે અને રણમાં વાછરા દાદાનું મંદિર છે. બહારવટિયાઓ સામે ગાયોને બચાવનાર વરણ દાદાનો દેહ પડ્યો તે સ્થળે આ મંદિર ઊભું થયું છે. કચ્છનાં નાના રણમાં સૌરાષ્ટ્રથી આડેસર સુધી વિશ્વમાં અલભ્ય એવી ગધેડાની જાત ઘુડખર જોવા મળે છે. ઘુડખર વિશ્વમાં માત્ર કચ્છના નાના રણમાં જોવા મળે છે.

વરણુ ગામથી ૧૦ કિલોમીટર દૂર દોઢસોથી બસો મીટર ઊંચી, ૧૭ કિલોમીટર લાંબી પર્વતમાળા છ, જેની પહોળાઈ અડધોથી ત્રણ કિલોમીટર છે. આ જગ્યા મેડક બેટ તરીકે ઓળખાય છે. આ ટાપુનો આકાર દૂરથી દેડકા - મેંઢક જેવો છે અને મેંઢક શબ્દ અપભ્રંશ થઈ મેડક બની ગયો. પ્રકૃતિના ખોળે કુદરતની બેનમૂન ભેટ એટલે મેડક બેટ. ચોમાસાની ઋતુમાં મેડક બેટના ડુંગરાની ધાર ઉપરથી જોવા મળતું દૃશ્ય આંખોને ઠારે છે. એક તરફ અફાટ રણ, બીજી તરફ દલદલ અને વચ્ચે લીલોતરીથી સભર ડુંગરાઓ. અહીં પરમ શાંતિનો અહેસાસ થાય છે. રણ વચ્ચાળે આવેલા મેડક ટાપુમાં એકાદ-બે કૂવાઓમાં મીઠું પાણી મળે એ કુદરતની કરામત છે. અહીં અકીક પથ્થરની ખાણ છે. જ્યાંથી પથ્થરો કાઢવામાં આવતા હતા. હવે વિસ્તાર અભ્યારણ જાહેર થતાં ખાણ બંધ થઈ ગઈ છે. અહીંના ખડકોની કારબન ટેસ્ટ કહે છે કે એ કરોડો વર્ષ પુરાણા છે. મેડક બેટમાં રંગબેરંગી પથ્થરો મળે છે અને પથ્થર સાથે એકરસ થઈ ગયેલા લાકડાના અવશેષો મળે છે.

## રણમાં આવેલો : મેડકબેટ



મેડક બેટમાં વરસાદી પાણીનો સંગ્રહ કરી વિશાળ તળાવ બનાવવામાં આવ્યું છે. પશુઓ અને જનાવરોને બારેમાસ પાણી મળી રહે છે. મેડક બેટમાં મંદિર અને ગૌશાળા પણ છે. આવી રૂષ્ટપુષ્ટ ગાયો ભાગ્યે જ જોવા મળે છે. મંદિર સાથે ભોજનશાળા પણ છે. ૧૯૭૧ની લડાઈમાં ભારતના લશ્કરે કચ્છના મોટા રણમાં જેમની સેવા લીધેલી એ રણછોડ પગીના ભત્રીજા મહાદેવભાઈ અહીં પૂજારી છે. રણમાં ભૂલા પડેલા વટેમાર્ગુઓની વહારે મહાદેવભાઈ હોય છે. મેડક બેટ, મંદિર, ગૌશાળા, ભોજનશાળાનો વહીવટ રાપર તાલુકાના પરમાર રજપૂતોની વહીવટી સમિતિ કરે છે.

રણમાં મીઠી વરડી સમાન મેડક બેટ જેવાં સ્થળો આપણી કચ્છ દર્શન પ્રવૃત્તિમાં સામેલ થાય. અઢઈ અખરા કચ્છના રણ અને અખાત વચ્ચેના ટાપુઓ, બેટો દરેકની પોતાની કથા છે, ઈતિહાસ છે. આપણો એનાથી ક્યારે અવગત થઈશું.

મો. : ૯૮૭૯૫૦૬૦૫૯

# મને ખબર હોત તો



❋ રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ ❋

લગ્નની સિઝન ફરી શરૂ થઈ ગઈ છે. રોજ લગ્નનાં નવાં આમંત્રણો આવતાં જાય છે. દરેક લગ્નમાં બે-ત્રણ ફંકશન હોવા સામાન્ય બાબત થઈ ગઈ છે. યુવા પેઢી અને અમુક અંશે એમનાં માતા-પિતા માટે લગ્નની વિધિ કરતાં વધુ મહત્ત્વ સેલિબ્રેશનનું છે. એમને ધામધૂમથી લગ્ન તો કરવા છે, પણ સાથે જ પ્રી–વેડિંગ ફોટોશૂટ, લગ્ન ફંકશનની મિત્રો સાથેની કોકટેલ પાર્ટી, મોંઘા કોસ્ચ્યુમ પહેરી ઈન્સ્ટા રીલ બનાવવી, એનું મહત્ત્વ લગ્નના વૈદિક પરંપરાથી જોડાયેલ વિધિ-રીતરિવાજો કરતાં વધારે જોવાઈ રહ્યું છે અને માટે જ લગ્ન સાથે જોડાયેલ સપ્તપદીનાં વચનો કે કમિટમેન્ટનું ઘટતું મહત્ત્વ મનમાં અનેક પ્રશ્નો ઊભા કરે છે.

લગ્નમાં થતા બેફામ ખર્ચ, ચાર-પાંચ પ્રસંગો, ડેસ્ટિનેશન વેડિંગ જેવી દેખાદેખી પછી જ્યારે લગ્ન નથી ટકતાં ત્યારે નવી પેઢીનાં આ સંતાનો તો જાણે કાંઈ બન્યું જ નથી એમ વિતેલું ભુલાવી ને નવી જિંદગી તરફ આગળ વધે છે, જેને એ લોકો 'મુવ ઓન'' કહે છે, પણ માતા-પિતા દુ:ખી થાય છે અને સાથે સાથે સમાજમાં પોતે હાંસીપાત્ર બનશે એ ભયે શરમ અને મુંઝવણ અનુભવે છે.

ક.વી.ઓ. સમાજમાં વધતાં છૂટાછેડાના કિસ્સાઓની, સમાજની ત્રણેય વરિષ્ઠ સંસ્થાઓ દ્વારા રચાલેય ક.વી.ઓ. કેન્દ્રીય મધ્યસ્થી સમિતિના સભ્યો સાથે વાત કરતાં તેઓ કહે છે કે લગ્નના બેથી ત્રણ મહિનામાં છૂટાછેડા થવાના કિસ્સાથી કરીને ૨૦-૨૫ વર્ષ પછી છૂટાછેડા થવાના અને હવે ''ગ્રે ડિવૉર્સ''ના કિસ્સા બહુ જ સામાન્યપણે આપણે સૌ સાંભળવા લાગ્યા છીએ. ત્યારે સવાલ એ થાય છે કે યુવા પેઢીને ક્યાંય યોગ્ય કાઉન્સેલિંગ કે માર્ગદર્શન નથી મળી રહ્યું ?

આ છૂટાછેડાના સંભળાતા કિસ્સાઓ ભવિષ્યમાં સમાજવ્યવસ્થા માટે મનમાં ચિંતાજનક પ્રશ્નો ઊભા કરશે એ વિચારોના વંટોળ વચ્ચે મેં લિન્ડા અને ચાર્લી બ્લુમ-નામનાં પતિ-પત્નીનું એક પુસ્તક જે સમગ્ર વિશ્વમાં ભવ્ય પ્રતિસાદ મેળવી રહ્યું છે એ મંગાવ્યું. **"101 THINGS I WISH I KNEW WHEN I GOT MARRIED"** (લગ્ન પહેલાં આ 101 વાતોની મને ખબર હોત તો) આ પુસ્તકની પહેલી આવૃત્તિ ૨૦૦૫માં પ્રકાશિત થઈ ત્યાર પછી ૨૦ વર્ષમાં ૧૮ આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે.

આ પુસ્તક **૧૦૧** એવી એવી બાબતો તરફ ધ્યાન દોરે છે જે દરેક યુગલે લગ્ન પહેલાં જાણવી જોઈએ, સમજવી જોઈએ અને એકમેકને સમજાવવી જોઈએ અને મોટા ભાગની બાબતો પર સહમતિ કેળવવી જોઈએ. એ પુસ્તકની **૧૦૧** માંથી **૫૦** મહત્ત્વની બાબતો અહીં જણાવવાનો પ્રયત્ન કર્યો છે.

**(A) સારાં લગ્નનું સર્જન કેવી રીતે શક્ય છે ?**

૧. સારો જીવનસાથી મળતો નથી, એ નસીબનું નહીં, પણ રોજિંદા નિર્ણયોનું પરિણામ છે.

૨. પ્રેમ એક ભાવના છે. તમારા જીવનસાથી પ્રત્યેના ભાવ તમને જીવનસાથીની વધુ નજીક લાવશે.

૩. લગ્ન પહેલાં ''પ્રેમ કરતાં આવડવું જરૂરી નથી''. પ્રેમ શીખવાનું કામ લગ્ન પછી શરૂ થાય છે.

૪. દરેક લગ્નમાં કઠિન સમય આવતો જ હોય છે. એ સંકટ નિષ્ફળતા નથી, પણ વિકાસનો ભાગ છે.

૫. સારા લગ્ન મતભેદ ટાળવાથી નહીં, પણ મતભેદ વિશે સંવાદ કરવાથી સર્જાય છે.

૬. તમે સંબંધ પર કામ કરો અથવા છૂટાછેડા તરફ. લગ્નજીવનમાં ''ન્યુટ્રલ'' જેવું કાંઈ નથી.

**(B) અપેક્ષાઓ, માન્યતા અને ધારણા**

૭. ''હેપ્પીલી એવર આફટર'' એક કથા છે. સાચાં લગ્ન આનંદ, કંટાળો, તણાવ અને વિકાસનું મિશ્રણ છે.

૮. વણકહેલી અપેક્ષાઓ નિરાશા લાવે છે, રોષ પેદા કરે છે, માટે એમને વ્યક્ત કરો.

૯. તમારા આનંદ માટે તમે જવાબદાર છો. જીવનસાથી તેને વધારી શકે, પણ સરજી શકે નહીં.

૧૦. તમે માનવને લગ્ન કરો છો, કલ્પનાને નહીં. દરેક વ્યક્તિ ખામીઓ અને ભૂતકાળ સાથે આવે છે.

૧૧. લોકો તમારા સમય પ્રમાણે બદલાતા નથી, તમે આજે છે એવી વ્યક્તિને પસંદ કરો છો.

૧૨. લગ્ન ૫૦-૫૦ ટકાની નહીં, ૧૦૦ ટકાની ભાગીદારી છે.

૧૩. દરેક મતભેદ ઉકેલવા જરૂરી નથી. થોડા સ્વીકારવા યોગ્ય હોય છે.

૧૪. 'હું જ સાચો છુ' કે 'હું જ બરાબર' એ સાબિત કરવા જતાં લગ્ન તૂટવા લાગે છે.

**(C) સંવાદ અને સાંભળવું**

૧૫. વાત કરવી એ સંવાદ નથી, વાત સાંભળવી એ ખરો સંવાદ છે.

૧૬. સાંભળવું અને સમજવું, એ બંને અલગ વસ્તુઓ છે.

૧૭. તમારા જીવનસાથીની વાતનો ભાવાર્થ સમજી જવાબ આપશો તો ૯૦% ઝઘડાઓ ટળશે.

૧૮. તમારા **હાવભાવ, સમય** અને **Body Language** શબ્દો કરતાં વધારે અસર કરે છે.

૧૯. ટીકા, વ્યંગ ઍસિડ જેવી અસર કરે છે. એ સંબંધો અને વિશ્વાસ પર સીધો પ્રહાર કરે છે.

૨૦. **''હંમેશાં''** અને **''ક્યારેય નહીં''** એ શબ્દો સંબંધોમાં વિસંવાદિતા વધારશે.

૨૧. **''મને એવું લાગ્યું''** જેવા શબ્દો જોડાણ વધારશે. **'તું કાળજી રાખતો / રાખતી નથી'** અંતર વધારશે.

૨૨. સંઘર્ષની ક્ષણે થોડો વિરામ, સંબંધોને થતું નુકસાન ઘટાડશે.

૨૩. કેટલીક ચર્ચાઓ ત્યારે જ કરવી જ્યારે મન શાંત અને આનંદમાં હોય.

## (D) મતભેદ, ગુસ્સો અને સંબંધો

૨૪. મતભેદ અનિવાર્ય છે. તમે એને ઝઘડાનું સ્વરૂપ આપો છો કે વાતચીતનું એ તમારાં લગ્નનું ભવિષ્ય નક્કી કરે છે.

૨૫. જો તમે ઝઘડો કરો તે જીતવા કે સમસ્યા ઉકેલવા, એ પહેલાં વિચારવું.

૨૬. ક્યારેક ''તું સાચી છે / તું સાચો છે'' એ કહેવું ભવિષ્યમાં થનારા નુકસાન કરતાં ઓછું છે.

૨૭. માફી એક પ્રક્રિયા છે જે સંબંધોમાં વિશ્વાસ પરત લાવે છે.

૨૮. સાચી માફીની પ્રક્રિયાના ત્રણ તબક્કા છેઃ જવાબદારી, અસર અને સુધારાનો પ્લાન.

૨૯. દરેક ઝઘડામાં છૂટાછેડાની ધમકી, એક દિવસ હકીકત બની જાય છે.

## (E) પરસ્પરનો વિશ્વાસ, રહસ્યો અને મર્યાદાઓ

૩૦. **Privacy** તમારા લગ્નજીવનને નુકસાન નહીં કરે, પણ **Secrecy** ચોક્કસ કરશે.

૩૧. મિત્રો, પરિવાર, સહકર્મીઓ સાથે મર્યાદાઓ લગ્નજીવનને સુરક્ષિત રાખશે.

૩૨. બીજા લોકોને ''ના કહેવું'' ક્યારેક ''જીવનસાથીને હા કહેવા''નો એકમાત્ર રસ્તો છે.

૩૩. જીવનસાથીની બદનામી બન્નેમાંથી કોઈનું પણ માન રાખતી નથી.

૩૪. વિશ્વાસ તૂટ્યા પછી (મોબાઈલ ફોન, ફાઈનાન્શિયલ એકાઉન્ટમાં) પારદર્શકતા લાવવી જરૂરી છે.

## (F) પ્રેમ, રોમાન્સ અને લાગણી

૩૫. રોમાન્સ અને પ્રેમ એ લગ્નજીવનનો મૂળભૂત પાયો છે.

૩૬. શારીરિક લાગણી (હગ, હાથ પકડવું, સ્પર્શ) તણાવ ઘટાડે છે, લગ્નસંબંધને વધારે મજબૂત બનાવે છે.

૩૭. જીવનસાથી સાથે ફ્લર્ટ કરવું સંબંધોની ચમક જાળવે છે. અવગણનાથી અંતર વધે છે.

૩૮. કામ અને સ્ક્રીનટાઈમ ઘટાડીને કપલ-ટાઈમ જાળવવો વ્યૂહાત્મક સફળતા છે.

**(G) વ્યક્તિગત વિકાસ**

૩૯. તમારો સમય જીવનસાથીના માનસિક આરામ માટે જરૂરી છે.

૪૦. તમારો જીવનસાથી તમારો થેરપિસ્ટ નથી. તમારો આંતરિક વિકાસ તમારે જાતે કરવો પડશે.

૪૧. સારાં લગ્નમાં બંનેનો આંતરિક વિકાસ નક્કી છે. જો એ નથી થઈ રહ્યો તો કંઈક ખૂટે છે.

**(H) પૈસા, કામ અને જીવન વ્યવહાર**

૪૨. પારદર્શક સંયુક્ત સિસ્ટમ (બજેટ એકાઉન્ટસ) શંકા અને સત્તાની રમતો ઘટાડે છે.

૪૩. કારકિર્દીનો નિર્ણય બન્નેના જીવનને અસર કરે છે. ''મારી નોકરી, મારો નિર્ણય, મારું જીવન'' એ લગ્નમાં ચાલતું નથી એ વાતને સ્વીકારો.

૪૪. સ્ત્રીઓ માટે ઘરકામ - લૉજિસ્ટિક નહીં, ભાવનાત્મક મુદ્દો છે.

૪૫. વીમો, વિલ, નોમિનેશન્સ, ઈમર્જન્સી ફંડ આ પણ જીવનસાથી પ્રત્યે પ્રેમના ભાગ છે.

**(I) સંતાન, પરિવાર અને દબાણ**

૪૬. સ્થિર લગ્નજીવન એક સારા વાલી હોવાનો પુરાવો છે.

૪૭. બાળકો સામે એકમત રહેવું, બાળકોને સુરક્ષા આપે છે.

૪૮. લાંબા અને સારાં લગ્ન સંપૂર્ણ વ્યક્તિ શોધવાથી નહીં, પરંતુ ગમે તે પરિસ્થિતિમાં 'એકબીજા માટે ઊભા રહેવાની' દ્રષ્ટિકોણથી બને છે.

૪૯. **સાસરિયાં** પરિવાર અને **માવિત્ર** પરિવાર તમને મદદ પણ કરી શકે છે. તમારા સંબંધો બગાડી પણ શકે છે. મર્યાદા તમારે નક્કી કરવાની છે.

૫૦. અને છેલ્લે... સોશિયલ મીડિયા પર શું શેર કરવું, કેટલું શેર કરવું એ મર્યાદા સમજો. ***કેટલીક લાગણી દર્શન માટે હોય, પ્રદર્શન માટે નહીં.***

આ પુસ્તકમાં આવી ૧૦૧ બાબતો બહુ જ સુંદર રીતે નાનાં નાનાં ઉદાહરણો દ્વારા સમજાવવામાં આવી છે. પુસ્તકમાં કોઈ પણ જેન્ડર બાયસ વગર, કોઈ પણ નકારાત્મક વાત વગર, પતિ-પત્ની બંને સરખા રસથી અને સ્નેહથી એકમેક તરફ ડગલું આગળ વધી સફળ લગ્નજીવન જીવી શકે એ માટે મહત્ત્વપૂર્ણ સૂચનો કરવામાં આવ્યાં છે. આમાંથી ફક્ત ૫૦ સૂચનો આ લેખમાં લખ્યાં છે. આ સૂચનો જો દરેક યુગલ લગ્નજીવનમાં અપનાવે તો સફળ લગ્નજીવન જીવી શકે અથવા લગ્નજીવન તૂટતાં બચાવી શકે અને છૂટાછેડા પહેલા આ વાતો **''મને ખબર હોત તો''**ના અફસોસથી બચી શકે છે.

ગામ : લુણી


મો.: ૯૮૨૦૫ ૩૫૨૭૧

# અમેરિકામાં જૈન ધર્મના મિશનરી : રામ ગડા



✻ વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ✻

બીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગતા હતા. એ સમયે મુંબઈ માટુંગા સુધી જ વિસ્તરેલું હતું. માટુંગા પછીનો સાયન એરિયા એક ગામડું ગણાતું ! એ સમયમાં મુંબઈમાં રસોઈ બનાવવા હજી કોલસાની સગડી વપરાતી ત્યારે સાયનમાં બાડાના સુંદરજીભા કોલસાનો વેપાર કરતા હતા.



સુંદરજીભાનાં પત્ની ગંગાબાઈએ ૧૯૪૦માં સાયનમાં એક બાળકનો જન્મ આપ્યો. એનું નામ પાડ્યું રામજી (રામ ગડા), પરંતુ મુંબઈનું હવામાન સુંદરજીભાનો માફક ન આવતા બીમાર પડ્યા એટલે કોલસાનો ધીકતો વેપાર છોડી પોતાના ગામ બાડા ચાલ્યા ગયા.

રામ ગડાનું બાળપણ બાડામાં વીત્યું. બાડાની ધૂળ માટીમાં ઉછરેલા રામ ગડા પર બાડાની સ્કૂલમાં રણછોડદાસ રાજગોર નામના એક અંગ્રેજીના એક્સપર્ટ ટીચરની નજર પડી અને આ તેજસ્વી બાળકને પલોટવા માંડ્યા. પરિણામ એ આવ્યું કે છઠા ધોરણમાં ભણતા રામ ગડા, ત્રીજા ધોરણના છોકરાઓને ભણાવવા લાગ્યા!!! ટીચર બનીને !

પ્રાથમિક શિક્ષણ બાડામાં લઈ આગળ ભણવા સોનગઢ બોર્ડિંગ તરીકે લોકપ્રિય મહાવીર ચારિત્ર્ય રત્નાશ્રમ બોર્ડિંગમાં દાખલ થયા. સોનગઢ બોર્ડિંગમાં રામભા માટે નવું વિશ્વ ખૂલી ગયું. મુનિ કલ્યાણચંદ્ર અને મુનિ ચારિત્ર્યવિજયજી, એ બે જૈન સાધુ મહાત્માઓએ છેક ૧૯૨૩માં આ બોર્ડિંગ શરૂ કરી, ચારિત્રવાન પેઢીનો તૈયાર કરવાનું બીડું ઝડપ્યું હતું.

આ એ જમાનાની વાત છે જ્યારે કચ્છ કે ગુજરાતનાં ગામડાંમાં શિક્ષણ વ્યવસ્થાનો અભાવ હતો. એ વખતે દીર્ઘદ્રસ્ટા મુનિરાજોએ આ બોર્ડિંગ શરૂ કરી, પરિણામે હજારો વિદ્યાર્થીઓનાં જીવનમાં જાણે ચમત્કારો સર્જાયા. થાગડથીગડ કપડાં પહેરીને ફરતાં બાળકો આજે ત્યાં ભણીને સૂટ પહેરી કરોડોનો કારોબાર કરતાં થઈ ગયા છે. સો

વર્ષ ઊજવી ચૂકેલ એ મહાન બોર્ડિંગમાં રામ ગડાનો અફલાતૂન વિકાસ થયો.

સંગીત, સાહિત્ય, વક્તૃત્વ, કસરત, મલખમ જેવા અનેક વિષયોમાં રામ ગડા ત્યાં એક્સપર્ટ થયા. ખડતલ શરીર અને બુલંદ અવાજના માલિક વૈદ્યરાજ મુનિ કલ્યાણચંદ્ર બાપાની પાસે ભાવનગરના રાજા દવા લેવા આવે તો સામાન્ય માણસ પણ દવા લેવા આવે. જૈન મહાત્મા કલ્યાણબાપાની સેવા જોઈ રામ ગડાની આંખમાં ડૉક્ટર બનવાનાં સપનાં રમવા લાગ્યાં.

સોનગઢ બોર્ડિંગમાં રહી અગિયાર ધોરણ સુધી ભણવાની વ્યવસ્થા હતી. ત્યાંથી મુંબઈ આવી એલ્ફિસ્ટન કૉલેજમાં દાખલ થયા. સંજોગોવસાત ડૉક્ટર થવાનો બદલો એન્જિનિયરિંગનું ભણવાનું નક્કી કર્યું. કારણકે મૅડિકલ કોલેજમાં દેડકા ઈત્યાદિ જીવો પર પ્રયોગો કરવા પડે અને મુનિ કલ્યાણબાપાના સંસ્કાર પામેલ રામ ગડાને હિંસા મંજૂર નહોતી.

એટલે મોરબીમાં એન્જિનિયરિંગ કૉલેજમાં દાખલ થયા. ત્યારે મહારાષ્ટ્ર કે ગુજરાતમાં આટલી બધી એન્જિનિયરિંગ કૉલેજ નહોતી. ગુજરાતમાં તો માત્ર ચાર એન્જિનિયરિંગ કૉલેજ હતી. એમાં મોરબીની લાખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ ટોપ હતી. ત્યાં રામ ગડા મેકેનિકલ એન્જિનિયર થયા.

હંમેશાં દરેક ક્લાસમાં ટોપર રહેલ રામ ગડાને સોનગઢ બોર્ડિંગમાં જ્ઞાનની જબરજસ્ત ભૂખ ઊઘડી ચૂકી હતી. એમને અમેરિકા જઈ એન્જિનિયરિંગમાં માસ્ટર કરવું હતું. ત્યારે આજની જેમ ઈન્ટરનેટનો જમાનો નહોતો. એટલે ત્યાં ઍડ્મિશન મેળવવા લાંબો પત્રવ્યહવાર કરવો પડ્યો. છેવટે અમેરિકાના કાર્ગો સિટીની નોર્થ ડકોટા યુનિવર્સિટીમાં એમને ઍડ્મિશન મળ્યું અને દરિયાઈ માર્ગે અમેરિકા જવાના રવાના થયા.

જોકે થોડા વધારે રૂપિયા ખર્ચી પ્લેન દ્વારા ઝડપી અમેરિકા પહોંચી શકત, પણ શિપ દ્વારા પ્રયાણ કર્યું, કારણકે એમને દરિયા સાથે દોસ્તી કરવી હતી. નવો અનુભવ લેવો હતો. પંદર દિવસે શિપ લંડન પહોંચી અને થોડાક વિરામ બાદ લંડનથી ન્યૂયોર્ક જવા નીકળ્યા ત્યાં રસ્તામાં જ દરિયાઈ તોફાન આવ્યું....

શિપ ડૂબવાની શક્યતા ઊભી થઈ. દરિયાના ઊંચા ઉછળતાં મોજાં અને તોફાની પવન વચ્ચે ફંગોળાતી શિપમાં પેસેન્જર્સ ડરી ગયા. પણ રામ ગડાએ ઈશ્વર પર શ્રદ્ધા રાખી. છેવટે સલામતીપૂર્વક સાતમે દિવસે ન્યૂયોર્ક પહોંચ્યા. કુલ બાવીસેક દિવસના દરિયાઈ પ્રવાસ બાદ અમેરિકાની ધરતી પર પગ મૂક્યો ત્યારે રામ ગડાને અમેરિકામાં બેઠેલા મિત્ર વિજયભાઈ છેડાએ આવકાર આપ્યો.

કોલસાના વેપારીના આ જીનિયસ દીકરાએ મેકેનિકલ એન્જિનિયરની માસ્ટર ડિગ્રી માત્ર નવ મહિનામાં મેળવી! એ રીતે

પોતાની બુદ્ધિપ્રતિભાનો પરચો નોર્થ ડકોટા યુનિવર્સિટીને આપ્યો. એ પણ સ્વજનોથી આટલે દૂર, જાતે રસોઈ બનાવીને, પાર્ટ ટાઈમ જોબ કરીકરીને!

રામ ગડા એન્જિનિયરિંગની એક અમેરિકન ફર્મમાં જોડાયા. વફાદારી ભારતીય સંસકારોને કારણે પંદર પંદર વર્ષ સુધી અહીં સેવા આપી. એ કંપનીમાં જોડાયા બાદ ૧૯૬૭માં ઈન્ડિયા આવી સમાઘોઘાના પ્રેમજી ઓભાયા ગાલાની દીકરી નીનાબેન સાથે લગ્નગ્રંથિએ જોડાયા. નીનાબેન પણ પોતાના ભાઈ કે.પી. ગાલા જેવા તેજસ્વી નારી હતા. એમણે વિલ્સન કોલેજમાં B.A. કરેલું. ત્યાં રહીનો નીનાબેન ઈન્ડિયન યન્ગસ્ટર્સને વિવિધ ભાષાઓ શીખવાડતા હતા. થોડાક સમય પહેલાં નીનાબેનનું અવસાન થયું છે.

અમેરિકામાં રહીને છેક પંદર વર્ષ પછી રામ ગડાએ પોતાની ''ગડા ઍન્ડ ઍસોસિયેટ'' નામની ફર્મ શરૂ કરી, અને ચિક્કાર સફળતા મેળવી અને સાથે સાથે છેક ૧૯૭૬માં અમેરિકામાં વસતા ગુજરાતીઓને ભેગા કરવાનું ભગીરથ કાર્ય કરવા ગુજરાતી સમાજની શરૂઆત કરી. ૧૯૭૩ થી ૧૯૮૨ સુધી ઈન્ડિયા ઍસોસિયેશન ઑફ મેનેસોટા સ્ટેટમાં ઓનરરી ટ્રસ્ટી તરીકે સેવા આપી છે.

વર્ષો પહેલાં અમેરિકા જનાર ભારતીયો અનેક મુશ્કેલીઓનો સામનો કરતા. ઘરે સંપર્કો માટે ટેલિફોન કે બીજાં સાધન બહુ ઓછાં હતાં. સ્ટુડન્ટ્સ હોમ સિકનેસનો શિકાર બનતા ત્યારે અમેરિકનો આવા વિદ્યાર્થીઓના હોસ્ટ ફૅમિલી બનતા. સમય જતા રામભા ગડા, વિજયભાઈ છેડા અને બીજાં કચ્છી ભાઈ-બહેનો હોસ્ટ ફૅમિલી તરીકે કામ કરી, ભારતથી આવેલા વિદ્યાર્થીઓના માર્ગદર્શક બની એમના માટે આશીર્વાદ બની ગયા. અને ત્યાં જ ક્યાંક ''કો-જૈના''ના જન્મનું બીજ રોપાયું, જે આજે વટવૃક્ષ બની ગયું છે.

રામભા ગડાનું એક અદ્ભુત કાર્ય હિસ્ટોરિયન તરીકનું રહ્યું છે. ૧૮૪૯ની એટલે કે ૧૭૪ વર્ષ જુની ''મિનિસોટા હિસ્ટોરિકલ સોસાયટી''ના ડિરેક્ટર તરીકે રામભા ગડાએ નવ નવ વર્ષ સેવા આપી છે. એ જમાનામાં ગામડા જેવા સાયનમાં જન્મેલા, બાડા ગામમાં ઉછરેલા, સોનગઢ બોર્ડિંગમાં કેળવાયેલ આ માનવી અમેરિકાની ધરતી પર ૧૭૪ વર્ષ જૂની હિસ્ટોરિકલ સોસાયટીનાં ડિરેક્ટર બને એ એમની તેજસ્વી પ્રતિભાનું પ્રતિબિંબ પાડે છે.

રામભા અમેરિકામાં રહીને જૈન ધર્મના પ્રચારમાં સતત કાર્યરત રહ્યા. આચાર્ય ગુણસાગરસુરીજી રામભાના સગા મામા હતા! આજે જ્યારે માંડ પિસ્તાળીસ લાખ જૈનો વિશ્વમાં બચ્યા છે ત્યારે રામભા ગડાએ જૈન ધર્મનો પ્રચાર કરવા કમર કસી. અમેરિકા અને કૅનેડામાં અંદાજે અઢી લાખ જૈનોની

વસ્તી છે. માત્ર કચ્છી જૈનોની વસ્તી પંદર હજારની છે. એ બધાને એકત્રિત કરી જૈનિઝમનું દિપ પ્રાગટ્ય કરવાનું કાર્ય રામ ગડાએ કર્યું છે.

''જૈના'' (સ્થાપના ૧૯૮૧ કેનેડા અને અમેરિકાના જૈનો માટે) અને ''કૉ-જેના'' (સ્થાપના ૧૯૯૫ : કચ્છી જૈનો માટે) સંસ્થાનું સંગઠન ઉપરાંત બહુ મોટું કાર્ય ધર્મ પ્રચારનું છે. જીવદયાથી લઈ અમેરિકા-કૅનેડાનું નવું જનરેશન ધર્મમય બને એના માટે ''જૈના'' અને ''કૉ-જૈના'' બન્ને પ્રયત્નશીલ છે. અંગ્રેજીમાં પ્રતિક્રમણ, જૈન જીવનશૈલી, જૈન પાઠશાળાઓ અને જૈન ધર્મની પ્રવૃત્તિઓ ચલાવે છે. રામભા ''જૈના''ના ડાયરેક્ટર અને ''જૈના મિડવેસ્ટ''ના વાઈસ પ્રેસિડન્ટ રહી ચૂક્યા છે. મેનેસોટા સ્ટેટના ''જૈન સેન્ટર''ના ફાઉન્ડર પ્રેસિડન્ટ છે.

રામભા ચર્ચથી લઈને અમેરિકન સ્કૂલ્સ, કૉલેજ અને વિવિધ ઈન્સ્ટિટ્યૂસમાં જૈનિઝમ પર લેક્ચર્સ આપી બિનજૈનોને પણ જૈન ધર્મની અને જૈન તત્ત્વજ્ઞાનની સમજણ આપી રહ્યા છે. જૈનિઝમના મિશન માટે પંચ્યાસી વર્ષની ઉંમરે રામભા કાર્યરત છે. પગદંડી તરફથી એમને માનવંદના.

મો. : ૯૭૫૭૪૦૫૮૭૨


# મુલચંદ લાલજી એન્ડ કાં.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone :** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# આપણા સમાજની પ્રતિભા
# રીધમ ઊર્મિ હર્ષલ મામણિયા



સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા

સાંપ્રત સમયમાં દરેક ક્ષેત્રમાં તીવ્ર હરીફાઈની વચ્ચે પોતાની ક્ષમતાને સિદ્ધ કરવી બહુ જ પડકારજનક હોય છે. જેમાં ભારત માંડ પા પા પગલી ભરી રહ્યું હોય એવી રમતમાં પોતાની જાતને કાબેલ પુરવાર કરવું એ દાદ માંગી એવી બાબત છે. યોગ્ય તાલીમ માટે પ્રશિક્ષકોની ઉપલબ્ધિ પણ ખૂબ જ મર્યાદિત હોય ત્યારે સફળતા મેળવવી એ વહેતા પ્રવાહની ઊલટી દિશામાં તરવા જેવું કાર્ય હોય છે. આવી કઠિનાઈઓ વચ્ચે પણ નિષ્ઠા, સખત પરિશ્રમ અને સમર્પિતતાથી ધારેલા મુકામને હાંસલ કરવું એ અસાધારણ ઉપલબ્ધિ કહેવાય.

એવી જ સ્કેટિંગ વીરાંગના કે જેણે રોલર સ્કેટિંગ ક્ષેત્રે પોતાનું નામ રોશન કરી કુટુંબ, ગામ, સમાજ ઉપરાંત રાષ્ટ્રનું નામ પણ રોશન કરેલ છે. અહીં પ્રસ્તુત છે એ પ્રતિભાશાળી સ્કેટરની ઉમદા ઝલક.



**નામ : રીધમ ઊર્મિ હર્ષલ મામણિયા**
**ગામ : કુંદરોડી, વરલી**

કોઈ પણ બાળક માટે બે કે ત્રણ વર્ષની ઉંમર ઘરમાં વિવિધ રમકડાંથી રમવાની હોય છે, પરંતુ રીધમ તો એ ઉંમરે સાહસ અને નિર્ભિકતાનો પરિચય કરાવવા લાગી. એની મમ્મી ઊર્મિના શબ્દોમાં કહું તો ‘‘કોઈ પણ જાતનો ડર એના સ્વભાવમાં નહોતો. એનાં નાના-નાની સાથે બગીચામાં જતી ત્યારે તેઓ એને કંઈ પણ કહે તે પહેલાં તો ઊંચા પ્લેગ્રાઉન્ડ કલાઈમર પર સડસડાટ ચડી જતી. બાળપણથી જ રીધમને આઉટડોર પ્રવૃત્તિઓમાં ખૂબ જ રસ હતો. કોઈ પણ જાતનું જોખમ ઉઠાવવા માટે તે હંમેશાં તત્પર રહેતી. તેને ક્યારેય પણ ડર લાગતો નહીં.’’

જોખમ ઉઠાવવાના આ અભિગમને કારણે તેની મમ્મી ઊર્મિએ સાડા ત્રણ વર્ષની ઉંમરે તેને સ્કેટિંગનું પ્રશિક્ષણ આપવાનો નિર્ણય લીધો. ટ્રેનિંગના પહેલા દિવસે જ અનેકો વખત પડવા છતાં એમાં આગળ વધવા માટેના દરેક પ્રયાસ તેણે ચાલુ રાખ્યા.

ટૂંક સમયમાં તે સરકતી અને ગ્લાઈડ કરતી થઈ ગઈ. તેના આ હિંમતભર્યા અને ઝડપથી



શીખવાના પ્રયાસને કારણે તે મુખ્ય પ્રશિક્ષકના ગુડ લિસ્ટમાં આવી ગઈ. તેમણે તેને લિમ્બો સ્કેટિંગની તાલીમ આપવાનું શરૂ કર્યું. માત્ર સાડા ચાર વર્ષની ઉંમરે રીધમ ૬ ઈંચ જેટલી ઊંચાઈના ૫૦ બારને ૧૮૦ સ્પ્લીટ પૉઝિશનમાં પાર કરતી અને ૨૫ કારોની લાઈનમાં સરકતી. તેનાં માતા-પિતા કોઈ પણ નવી પ્રવૃત્તિ કે રમતમાં મોકલાવતાં તેમાં તે ઉત્તમ પ્રદર્શન કરતી.

સ્કેટિંગ માટેના તેના લગાવને ધ્યાનમાં લઈ તેની મમ્મીએ આર્ટિસ્ટિક સ્કેટિંગ (કલાત્મક સ્કેટિંગ) શીખવવા માટે પેડર રોડ સ્થિર એક તાલીમ કેન્દ્રમાં તેનો પ્રવેશ મેળવ્યો. તેની લવચીકતા, આત્મવિશ્વાસ અને સ્કેટિંગ પ્રત્યેના અનન્ય લગાવને કારણે તે આ રમત ઝડપથી શીખવા લાગી, પણ દુર્ભાગ્યવશ અનિવાર્ય સંજોગોના કારણે એ પ્રશિક્ષકના વર્ગ બંધ થઈ ગયા.

આ સમય દરમિયાન તેનાં માતા-પિતાએ તેનો ટ્રેકિંગ, સ્વિમિંગ તથા બેડમિન્ટન શીખવવાનું શરૂ કરેલ. એ પણ ખૂબ જ ઝડપથી શીખવા લાગી, પરંતુ તેનો સ્કેટિંગ પ્રત્યેનો લગાવ એવો ને એવો જ રહ્યો. કલાત્મક સ્કેટિંગ માટેના પ્રશિક્ષકો બહુ જ ગણ્યા ગાંઠ્યા હતા. તેમના મિત્રવર્તુળમાંથી જાણવા મળ્યું કે પ્રબોધન ઠાકરે ક્રીડા સંકુલ, અંધેરી ખાતે આંતરરાષ્ટ્રીય પ્રશિક્ષક શ્રીમતી આદેશ સિંગનો તાલીમ કેન્દ્ર આવેલ છે. વરલીથી અંધેરી સુધીનો અંતર હતાશા પ્રેરે એવો હતો ત્યારે એના દાદા-દાદીએ પ્રોત્સાહિત કરેલ અને ફેબ્રુઆરી, ૨૦૧૯માં પ્રવેશ મેળવ્યો. રીધમનો ઉત્સાહ, થાક્યા વગર સતત પ્રૅક્ટિસ કરતા રહેવું અને ઝડપથી શીખવાની ક્ષમતા જોઈને પ્રશિક્ષક ખુશ થઈ ગયા. પરિણામ સ્વરૂપ ડિસેમ્બર, ૨૦૧૯માં વિઝાગ ખાતે પ્રથમ રાષ્ટ્રીય મીટમાં તેને લઈ ગયા. આ મીટ રીધમના જીવનનો મહત્વપૂર્ણ વળાંક સાબિત થયો.

**રીધમે મેળવેલ આંતરરાષ્ટ્રીય સિદ્ધિઓ**

# માર્ચ, ૨૦૨૫માં હસીનચૂ તાઈવાન ખાતે કલાત્મક રોલર સ્કેટિંગ ઓપન કેટેગરીમાં સુવર્ણપદક,

# જેચેઓન, કોરિયા ખાતે યોજાયેલ ૨૦મી એશિયન રોલર સ્કેટિંગ ચેમ્પિયનશિપ




૨૦૨૫માં સુવર્ણચંદ્રક (સૌથી નાની વયની ભારતીય છોકરી) મેળવી નવો રેકૉર્ડ સ્થાપિત કરેલ.

**રાષ્ટ્રીય સિદ્ધિઓ**

# કોઈમ્બતુર ખાતે યોજાયેલ ૬૦મી રાષ્ટ્રીય રોલર સ્કેટિંગ ચૅમ્પિયનશિપ ૨૦૨૪માં ત્રણ સુવર્ણ અને એક કાંસ્ય પદક.

# ચેન્નાઈ ખાતે યોજાયેલ ૬૦મી રાષ્ટ્રીય રોલર સ્કેટિંગ ચૅમ્પિયનશિપ ૨૦૨૩માં ત્રણ સુવર્ણ પદક.

# રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સિદ્ધિઓ માટે MET પ્રજ્ઞાવત પુરસ્કાર ૨૦૨૩થી સન્માનિત કરવામાં આવેલ.


રાજ્ય સ્તરે મેળવેલ સિદ્ધિઓ

# મહારાષ્ટ્ર રાજ્ય રોલર સ્કેટિંગ ચૅમ્પિયનશિપ ૨૦૨૨માં બે સુવર્ણ પદક, એક રજત પદક અને એક કાંસ્ય પદક મેળવેલ.

# મહારાષ્ટ્ર રાજ્ય રોલર સ્કેટિંગ ચૅમ્પિયનશિપ ૨૦૨૪માં ચાર સુવર્ણ પદક.

પ્રતિષ્ઠિત ધીરુભાઈ અંબાણી સ્કૂલમાં અભ્યાસ સાથે અન્ય કેટલીક પ્રવૃત્તિઓમાં પોતાનું કૌશલ્ય દર્શાવી ચૂકી છે.

જૂન, ૨૦૨૨માં માત્ર દસ વર્ષની નાની ઉંમરે એવરેસ્ટ બેઝ કૅમ્પ (૫૨૬૪ મી.) પર પહોંચનાર ભારતની સૌથી નાની પર્વતારોહક બની.



ઓલ ઈન્ડિયા ૧૪મી સાંસ્કૃતિક નૃત્ય સ્પર્ધા અને ઉત્સવ ''નૃત્ય અનુભૂતિ''માં પ્રથમ સ્થાન.

એરોનોટિકલ સોસાયટી ઑફ ઈન્ડિયા, આઈઆઈટી મુંબઈ અંતર્ગત યંગ સીઈઓ કાર્યક્રમમાં શ્રેષ્ઠ સ્ટાર્ટ-અપ આઈડિયા પ્રેઝન્ટેશનમાં વિજેતા.

અંગ્રેજી વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ.

મરાઠી હસ્તલેખન સ્પર્ધામાં પ્રથમ.

રમત-ગમત ક્ષેત્રમાં કચ્છ શક્તિ પુરસ્કાર ૨૦૨૨ મેળવેલ.

નાલંદા ડાન્સ રિસર્ચ સેન્ટર અંતર્ગત ભારતીય લોકનૃત્ય (૨૦૨૧ અને ૨૦૨૨) માં A++ ગ્રેડ સાથે પાસ થયેલ.




તેને ક્યારેક પૂછવામાં આવ્યું કે એશિયન ચૅમ્પિયનશિપમાં સુવર્ણપદક જીતવાથી તેને કેવી લાગણી થાય છે ત્યારે તેણે કહ્યું કે, રજત કે કાંસ્ય પદક જીતવાથી પણ ખુશ થાત, પરંતુ રાષ્ટ્રગીતની ધૂન વાગી અને ભારતનો ધ્વજ ફરક્યો ત્યારે ભારત માટે સુવર્ણ પદક જીતવાનું ગૌરવ અનુભવ્યું.

સ્કેટિંગ નૃત્યમાં શિવાય ગીત દ્વારા ભારતીય મુદ્રાઓ પ્રદર્શિત કરીને તેણે દેશપ્રેમ અને ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવી. કલાત્મક રોલર સ્કેટિંગનો વધુ યોગ્ય બનાવવા ભારતમાં આંતરરાષ્ટ્રીય સ્તરના રિંક્સ બનાવવાનું એનું સ્વપ્નું છે. આજે મુંબઈ જેવા શહેરમાં એક પણ યોગ્ય સ્કેટિંગ રિંક નથી.

કૌટુંબિક જવાબદારી તથા નબળી આર્થિક પરિસ્થિતિના કારણે કેટલીય પ્રતિભાઓ અકાળે મૂરઝાઈ જતી હોય છે, ત્યારે આવી ઉદ્દાત ભાવના સંજીવની જેવું કામ કરી શકે!!!

આવી પ્રતિભાઓની જિનિયસ ક્લબની રચના એ વર્તમાન સમયનો તકાજો છે જેથી જે તે ક્ષેત્રમાં આગળ વધતી પ્રતિભાઓને મદદરૂપ થઈ શકાય!!!

બેરાજા, મુલુંડ
મો. ૯૩૨૦૧૦૪૩૬૫



# ઘરની બારી... મનની બારી અને આપણે...

✻ પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિ:શબ્દ) ✻

વર્ષો પહેલાં, ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ શ્રી પ્રહલાદ પારેખે વર્ષ ૧૯૪૦માં લખેલ કાવ્યસંગ્રહ બારી બહારની પંક્તિઓને ટાંકું છું.

''વર્ષોની બંધ બારીને આજ જ્યારે ઉઘાડતો,
'આવ', 'આવ', દિશાઓથી સૂર એ કર્ણ આવતો'.

વર્ષોની બંધ બારી કવિ ખોલતા પ્રકૃતિ 'આવ' 'આવ' કહી બોલાવી રહી છે. સૂર્યનાં સોનેરી કિરણોથી દૃશ્યમાન થતી આ નયનરમ્ય પ્રકૃતિ માનવના જીવનમાં નવો પ્રાણ સંચાર કરે છે અને પછી ખળખળ વહેતી નદીના નીરની જેમ ખંડકાવ્ય 'બારી બહાર'ની પંક્તિઓ સરતી જાય છે.

કવિએ અહીં ભલે પ્રકૃતિની સુંદરતાને આલેખી છે, પણ એનો ભેટો પ્રકૃતિની વિશાળતા સાથે થવામાં બારી નિમિત્ત બની છે.

ગુજરાતી શબ્દકોશમાં બારી એટલે હવા અજવાળા માટે (મકાનની ભીંતમાં) કરાવું બાકું જેને સળિયા હોય, જાળી ભરી હોય કે નાનાં કમાડ હોય. સ્થૂળ સ્વરૂપની બારીમાં પણ જીવનનાં અનેક રહસ્યો છુપાયેલાં છે.

સદીઓ પહેલાં વાનરમાંથી મનુષ્ય બનેલો માણસ ગુફામાં રહેતો. ગુફામાં પ્રવેશનો રસ્તો બીજી રીતે બારી ગણાતી. સમય જતાં માનવઉત્ક્રાંતિના કારણે માણસના રહેવાનાં સ્થળો બદલાતાં ગયાં, પરંતુ બારીનું અસ્તિત્વ હંમેશાં કાયમ રહ્યું.

જેમ ઘરમાં રહેતા મનુષ્ય પાસે બારી છે એમ ખોળિયામાં રહેતા જીવ પાસે મનરૂપી બારી છે.

બારીના જુદા જુદા પ્રકાર છે. ચોરસ કે લંબચોરસ બારી ક્યારેક ઉપરથી અર્ધગોળ બને કે ક્યારેક પૂર્ણતયા ગોળ. બારી ક્યારેક નાની હોય તો ક્યારેક મોટી. બદલાતાં સ્વરૂપો વચ્ચે પણ બારીનો મૂળ સ્વભાવ એક જ : તાજી હવાને અંદર લાવવી, બાહ્ય પ્રકૃતિના દર્શન અને અનુભૂતિને માણવાની...

રોજ સવાર પડે છે. નવી ઊર્જાને ભરી આવેલાં સૂર્યકિરણો આપણી બારી પર ટકોરા નથી મારતાં, પણ બારી બાર હાથ પ્રસારી ઊભાં હોય છે, પરંતુ આપણી વિટંબણાઓ એવી હોય છે કે આપણે એ બારીઓને ઉઘાડતા નથી, ઓરડાને ઉજાસથી ભરતા નથી. સૂર્યના પ્રથમ કિરણોમાં કુમાશ પણ

છે, ઓજસ પણ છે અને તાજગી પણ છે, પરંતુ આપણે બારીના દરવાજા બંધ રાખીએ છીએ. જીવનમાં તરવરાટ ક્યાંથી આવે ?

બારી માટે સંસ્કૃતમાં વાતાયન શબ્દ છે. વાતાયન એટલે જ્યાં પ્રકાશ અને હવા (વાયુ) અવર જવર કરી શકે. ઉપનિષદમાં કહેલું છે, ‘મનના વાતાયન ખુલ્લા રાખશો તો દશેય દિશાથી વિચારો મનમાં પ્રવેશશે.’

બંધ બારી બંધિયારપણાને લાવે છે. હવા બોઝિલ બને છે. પ્રાણ ઊર્જા ગુમાવે છે. આંખો થાકે છે અને મન ક્ષુબ્ધ બને છે. જ્યારે ખુલી બારી એટલે તાજી હવાની લહેરખી... ધસમસતા પ્રવાહ સાથે ઊર્જાનો પ્રવેશ... જો બારી ન હોય તો જગતના બાહ્ય સ્વરૂપને કઈ રીતે જોઈ શકાય ?

તમે ક્યારેય ખુલ્લી બારી પાસે જઈ ઊભા છો ? પક્ષીઓનો કલશોર સંગીતની મધુર તર્જની બનીને આવશે. હવામાં પણ એક સ્વાભાવિક સુગંધ, તાજગી અને આકર્ષણ અનુભવાશે. સૂર્યપ્રકાશથી ચમકતાં દૃશ્યો અલગારી અનુભવ કરાવશે. દૂર સુધી પહોંચતી તમારી નજર તમારી સોચ અને દૃષ્ટિને વિશાળતા અને ગહનતા આપશે. બ્રહ્માંડની અખિલાઈનાં દર્શન કરાવશે. ક્ષિતિજની પેલી પાર જોવાનો પ્રયત્ન જીવનમાં આવતી અસંખ્ય તકોને ઝડપી લેવાની પ્રેરણા આપશે. લીલાં વૃક્ષો બદલાતી ઋતુમાં પણ અડીખમ ઊભાં રહી સદા લીલાછમ રહેવાની શીખ આપશે. આમ ઘરની ખુલ્લી બારી જીવનના મર્મ સમજાવશે. ખુલ્લી બારી અનહદ આશા આપે છે, જ્યારે બંધ બારી બેહદ નિરાશા.

એવું નથી કે બારીનું કામ દિવસે જ પડે. બારી રાતે પણ એટલી જ કામની. બારી આઠે પ્રહર કાર્યરત. એ 24x7 એનું તામ કરે. તમને બહારની દુનિયા સાથે જોડવાનું કામ કરે. એક સજ્ઞા આપી જાય, મનને 24x7 કાર્યરત રહેવા, સાબૂત રહેવા.

રાત પડે બારી પાસે એકચિત્તે ઊભા રહો તો દૂર સુધી પ્રસરેલી નીરવ શાંતિને પણ અનુભવી શકો. રાત્રીમાં તમરાનાં સંભળાતા અવાજ મનની એકાગ્રતાનું પ્રમાણ આપી જાય. ખુલ્લા આકાશમાં સરકતાં વાદળો અને બદલાતી શ્વેત-શ્યામ રંગછટા જીવનમાં વાદળની જેમ હલ્કા-ફુલ્કા રહેવાનો બોધ આપી જાય. ચમકતા તારલાઓ જીવનને હર હંમેશ ઝળહળતા રહેવાની પ્રેરણા આપી જાય.

કવિવર્ય રવિન્દ્રનાથ ટાગોરના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. કવિવર રોજ રાતે પોતાનું સાહિત્ય સર્જન કરે. એ સમયમાં ઈલેક્ટ્રીસિટીનું અસ્તિત્વ નહિ એટલે રાત્રિએ દીવાના પ્રકાશમાં લખવાનું શરૂ કરે. એક પૂનમની રાત્રિએ પૂર્ણ ચંદ્ર ખીલેલો હતો.

સંધ્યા બાદ ભોજનથી પરવારી ગુરુદેવ રાબેતા મુજબ બારી પાસેના ટેબલ પર લેખની લઈ બેઠા. નાનકડો દીવો પ્રકાશ રેલાવી રહ્યો હતો. કવિવર શ્વેત દાઢી પર હાથ પ્રસારી કાગળ પર શબ્દો કંડારતા આવ્યા.

ટમટમતો દીવો આખા ઓરડાને પ્રકાશિત કરી રહ્યો હતો. સૂવાનો પલંગ પણ બાજુમાં, પણ કવિવરની લેખની અસ્ખલિતપણે ચાલતી હતી. ગુરુવર થોડીથોડી વારે દીવાની વાટને સરખી કરી લેતા જેથી લેખનકાર્યમાં વિક્ષેપ ન પડે. આંખો હવે થોડી થાકવા માંડી છે. લગભગ બે કલાકની લેખનસાધના પછી ગુરુવર નિદ્રાને આધીન થવા વિચારે છે.

કાગળ અને પેનનો સ્ટડી ટેબલ પર વ્યવસ્થિત ગોઠવે છે અને ટમટમતા દીવાને લાંબી ફૂંક મારી બુઝાવે છે. કવિવર અચંબિત થઈ જાય છે. જેવો દીપક બુઝાય કે પૂનમની રાતે પૂર્ણતયા પ્રકાશિત ચંદ્રની જ્યોત્સ્ના બારી વાટે ઓરડામાં પ્રવેશે છે અને આખા ઓરડાને ચંદ્રપકાશથી ઝળહળતો કરી મૂકે છે. ગુરુવર રોમાંચિત થઈ લખે છે કે અલૌકિક અને દેદીપ્યમાન ચાંદનીને તરછોડી હું દીવાને શરણે બેસી ગયો. ગુરુદેવ લખે છે મનની બારી ખૂલી મનુષ્ય સર્જિત વસ્તુનું આલંબન છૂટ્યું તો આત્માના અસીમ પ્રકાશથી ઝળહળી ઉઠયો.

સામાન્યપણે આપણા જીવનવહન માટે આપણે અનેક પ્રકારનાં આલંબન અને માધ્યમો પર મદાર રાખીએ છીએ જેઓ ક્ષણજીવી છે અને છળ ઉપજાવે છે. જો મનના વાતાયન ખોલીએ તો આપણી જ જ્યોત્સ્ના નિજને અજવાળશે. બંધ બારીમાં પુસ્તકો, ટીવી, ઈન્ટરનેટ કદાચ અઢળક માહિતી લાવી શકે કે પણ Realism ખુલ્લી બારી જ લાવી શકે.

રોજિંદા જીવનમાં, રોજેરોજના વ્યવહારમાં, સંબોધોમાં, કૌટુંબિક કે વ્યાવસાયિક જવાબદારીઓ નિભાવવામાં આપણે મનની બારી બંધ કરી દેતા હોઈએ છીએ, પરિણામ સ્વરૂપે સંબંધોમાં સ્થિતિસ્થાપકતા, રોજિંદા જીવનમાં રગશિયાપણું, વ્યવહારમાં નિસ્તેજતા આવે છે.

જો મનના વાતાયન ખુલ્લા મૂકશો તો જીવન ફૂલોના પમરાટથી લથબથ ભાસશે. જીવન કાયમી અજવાળાથી ઝળહળી ઊઠશે.

ઘણી વાર ઘરે બારી હોય, પણ એને કાયમ બંધ રાખી નિયંત્રિત શીત (ઍરકન્ડિશન્ડ) વાતાવરણમાં રહેવાનું વધુ પસંદ કરીએ. બારીને પડદાથી ઢાંકીને આવતાં સૂર્યનાં કિરણોને અવરોધીએ. ઓરડામાં પ્રકાશ માટે દિવસે પણ અકુદરતી રીતે લાઈટ્સ ON રાખીએ. આંખોને ચાર દીવાલોમાં કેદ કરી લઈએ. ભૌતિક સુખ અને સાધનો વચ્ચે પ્રકૃતિ સાથેનો ઘરોબો ગુમાવીએ છીએ. સરવાળે તન અને મન બેઉ નિર્જીવ અને બંધિયાર બની જાય.

સંસ્થાઓમાં પણ કાંઈક આવું જ. કમાડ બંધ એટલે કોઈ આવી ન શકે. બારીઓ બંધ એટલે નવી તાજગી પ્રવેશી ન શકે. નવા વિચારોને દાખલ થવાનો અવકાશ ન રહે. નવી દૃષ્ટિ કેળવવા પ્રયત્ન ન થાય.

ઘર હોય કે મન... બંધ બારી જીવનમાં ઘરેડ લાવે. અપરિપક્વ અને નિસ્તેજ વિચારસરણી લાવે. મર્યાદિત સોચ લાવે.

અહીં વાત ઘરની કે મનની બારી મોટી કરવાની નથી. બારી મોટી કરી બંધ રહેશે તો પરિણામ શૂન્ય જ રહેશે.

બેફામ વરસ્યા પછીના આકાશના ઉઘાડ જેવું જીવન જીવંત ત્યારે જ બને જ્યારે ઘરની નાની-મોટી બારીઓ સજ્જડપણે અને મનની બારીઓ ચિર–નિરંતર ખુલ્લી રહે. દીવાલો એટલે અવરોધોની હારમાળા અને બારીનું હોવું એટલે અવરોધોને પાર કરી સફળ થવાની ઊજળી તક.

ક્યારેક બીજાની બંધ બારીના કમાડ ખોલવામાં, એમને પ્રાણવાન બનાવવામાં આપ સહુ સુજ્ઞજનો નિમિત્ત બનો એવા શુભ ભાવ સાથે.

- મોટા આસંબિયા

મો. ૯૮૨૦૧૪૫૧૪૩


ગાલા ભણસાલી

સ્ટોક બ્રોકર્સ પ્રા. લી.

તરફથી

હાર્દિક શુભેચ્છા

# કોરી આંખના આંસુ



ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે

એનાં આંસુ તમે જોયાં નથી
એટલે એમ ધારી લેવાનું કે
એને ખારાશ વિશે ખબર જ નથી?

કાજલ ઓઝા વૈદ્યની આ પંક્તિઓ પુરુષોના લાગણીતંત્રનો સચોટ સ્કેન કહી શકાય

હા... પુરુષો પણ રડે છે, પણ આ દુનિયાને ફક્ત સ્ત્રીનાં જ આંસુ દેખાય છે, કારણકે પુરુષોને બચપણથી રડવાની મનાઈ કરવામાં આવે છે. રડનારા બાળક કે પુરુષને બાયલો કહીને ઉતારી પાડવામાં આવે છે અને છતાંય કોઈ પુરુષ લાગણીમાં કે અત્યંત તનાવ ભરેલ પરિસ્થિતિમાં રડે તો તેનાં ડૂસકાં ચહેરા પર બનાવટી સ્મિતમાં દાટી રાખવા પડે છે.

સ્ત્રીઓનાં ત્યાગ, સમર્પણ કુટુંબ માટે આપેલા ભોગ વગેરે વિશે ઘણું લખાયું છે. તે માટે ક્યારેય વાંધો હોઈ જ ન શકે પણ દુઃખ ત્યારે થાય જ્યારે પારાવાર હાલાકી ભોગવતા, અનેક બલિદાન ચડાવનાર પુરુષોની વ્યથા આલેખવા માટે મોટા ભાગના લેખકોની કલમમાં શાહી ખૂટી જાય છે.

કુટુંબ માટે બ્રેડ વિનરની ભૂમિકામાં કેદ થયેલ પુરુષ કુટુંબની પ્રાથમિક જરૂરિયાતો આપ્તજન માટે લાગણી માટે આખી જિંદગી ખર્ચાઈ જતો હોય છે. માતા, બહેન, પત્ની, પુત્રી કે પછી કોઈ સ્ત્રીમિત્ર (ગર્લફ્રેન્ડ પણ)ની પાછળ એક અડીખમ આધાર બનીને ઊભો રહેવામાં પુરુષાર્થ સમજે છે.

**ઈતિહાસ અને કલ્ચર :**

સદીઓથી પુરુષના માથે કંઈક ને કંઈક હાસિલ કરવાનો ભાર નાખી દેવાયો છે. અભ્યાસમાં અવ્વલ રહેવું, સ્પોર્ટસમાં વિજેતા થવું, જ્યાં બળપ્રદર્શન હોય ત્યાં આગળ રહેવું કે પછી નોકરી-ધંધા–વ્યવસાયમાં સફળ થવું, પ્રોપર્ટી ઊભી કરવી, આવાં કાર્યોને પુરુષના જીવનની સાર્થકતા તરીકે વર્ણવવામાં આવે છે, પણ સ્ત્રીને સમજવામાં તે કાચો છે તેવી ઈમેજ પણ ઊભી કરાય છે.

**ઊભા રહો**

ઊભા રહેવાની તેમની મજબૂરી નહોતી, પણ પુરુષોને હંમેશાં કહેવામાં આવ્યું હતું કે ઊભા રહો..

બસમાં કે ટ્રેનમાં કે વેઈટિંગ રૂમમાં કે પછી સ્કૂલમાં ક્લાસની બહાર...

ગ્રુપ ફોટોમાં પણ તેઓ પાછળની હરોળમાં ઊભા રહ્યા કારણકે આગળ ખુરશીઓ પર છોકરીઓ બેઠી હતી.

કુટુંબના દરેક પ્રસંગોમાં તેઓ ખડે પગે ઊભા રહ્યા, ગેટ પર મહેમાનોને આવકારવા માટે ઊભા રહ્યા.

કુટુંબમાં કોઈ હૉસ્પિટલમાં ભરતી થયું તો હૉસ્પિટલની બહાર પણ તેઓ ઊભા રહ્યા અને છેલ્લે ઘરમાંથી કોઈની નનામી નીકળી ત્યારે અંતિમ યાત્રામાં પણ તેઓ ઊભા રહ્યા.

**તથાકથિત પુરુષપ્રધાન સમાજ :**

આપણો સમાજ પુરુષ પ્રધાન છે એ સૌથી મોટી ગેરસમજ ફેલાવવામાં આવી છે એમ કહું તો અતિશયોક્તિ નથી. હળવાશથી કહું તો પુરુષ કુટુંબનો હેડ એટલે માથું છે પણ સ્ત્રી નેક એટલે ગરદન છે અને માથું ગરદનની ઈચ્છા પ્રમાણે જ કરે છે.

મોટા ભાગનાં કુટુંબોમાં આવક પ્રમાણે રહેણીકરણી સ્ત્રી (માતા, પત્ની, પુત્રી) જ નક્કી કરે છે. લગ્નમાં ચાંદલો, પસલીનું કવર કે અન્ય વ્યવહાર સ્ત્રી જ નક્કી કરે છે. પત્ની દ્વારા સાસરિયાં અને પિયરિયાં જોડેના વ્યવહારમાં પક્ષપાત પુરુષ મૂક બનીને જુએ છે. તમને કંઈ ખબર નથી પડતી કહીને ઘરની લગામ બહુ સિફતથી સ્ત્રી સેરવી લે છે.

કુટુંબ માટે અર્થોપાર્જન કરતા, દિવસનો મોટો સમય બહાર રહેતા પુરુષો કરતાં સ્ત્રીનો પ્રભાવ બાળકો પર વધુ રહે છે તે સ્વાભાવિક છે. બાંધી આવકમાં રહેનાર કુટુંબમાં પોતાની જરૂરિયાતોને કોરાણે મૂકી, માતા-પિતા, પત્ની અને બાળકોની જરૂરિયાતોને પ્રાધાન્ય આપનાર પિતાની નોંધ ભાગ્યે જ કોઈ લે છે. માતા બોલકી છે જ્યારે પિતા મૂંગા રહીને સપોર્ટ કરવામાં માને છે અને પાછળ રહી જાય છે. દુ:ખની પરાકાષ્ઠા ત્યારે આવે છે જ્યારે કોઈ વાદવિવાદમાં સ્ત્રી એમ કહે કે તમે બાળકો માટે કર્યું શું છે?

ઈમોશન્સ એક્સપ્રેસ કરવામાં કાચા પુરુષને બહુ આસાનીથી પત્થરદીલ માની લેવામાં આવે છે. ચૂં કે ચાં નહીં કરીને નાના મોટા અનેક આઘાત ખમી શકવાની પુરુષની ક્ષમતાને સ્ટ્રેંથ માનીને તેમને સમાજ વધુ આઘાત આપતા રહે છે.

**સપ્તપદી બાદ**

પ્રભુતામાં પગલાં પાડતી વખતે, અગ્નિની સાક્ષીએ થતા સપ્તપદીના સાત ફેરામાં દાંપત્ય જીવન માટે સ્ત્રી અને પુરુષ બંનેની સરખી જવાબદારી વહેંચવામાં આવી છે પણ તે છતાં જાણતા-અજાણતા બધી જવાબદારી પુરુષ પર ધકેલી દેવામાં આવે છે. સ્ત્રી પોતાનું પિયર અને માતા-પિતા, ભાઈ, બહેનને છોડીને સાસરે આવે છે તે

બહુ મોટો ત્યાગ છે પણ સામે પક્ષે કોઈ એમ નથી વિચારતું કે પોતાના જીવનમાં અત્યાર સુધી સૌથી મહત્ત્વપૂર્ણ રહેલ મા-બાપથી પણ વધારે મહત્વનો દરજ્જો પત્નીને આપવા તે પતિને કેટલો આંતરિક સંઘર્ષ કરવો પડતો હશે.

દરેક વખતે, દરેક મુદ્દા પર, દરેક પરિસ્થિતિમાં (જાતીય જીવનમાં પણ) પત્નીને રાજી રાખવાનો જાણે પતિએ કૉન્ટ્રાક્ટ લીધો હોય તેવી અપેક્ષા કરવામાં આવે છે. 'મારું એ મારું' અને 'તારું એ આપણું સહિયારુ' એવું ધોરણ રાખીને ઘણી સ્ત્રીઓ સ્વકેંદ્રિત બની જતી હોય છે. પત્ની અને માતાના દ્વંદ્વમાં પતિની સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ સમાજ નિઃસહાય બનીને જોતો રહે છે. બનાવટી હાસ્ય નીચે જીવનની ઘણી વ્યથાઓ હૈયામાં સંઘરીને જીવતો હોય છે. બીજા સમક્ષ હૈયું ઠાલવવાની ક્ષમતાના અભાવે પુરુષોમાં વિવિધ વ્યસનાધીનતા વધારે પ્રમાણમાં જોવા મળે છે.

પુરુષ પોતાની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરીને તે સમસ્યાનો ઉકેલ લાવવાની મથામણમાં રહે છે. માટે જ્યારે પુરુષ અચાનક મૂંગો થઈ જાય તે પુરુષના માનસિક સ્વાસ્થ્ય ઉપર એક દસ્તક છે. આ માનસિક તાણને લીધે જ હાઈ બ્લડ પ્રેસર, હાર્ટએટેક અને ડાયાબિટીસ જેવા રોગોનું પ્રમાણ પુરુષોમાં અનેક ગણું છે.

પ્રતિકૂળ સંજોગોમાં માનસિક કે ભાવનિક આધાર શોધનાર પુરુષને ''લૂઝર''નો ટેગ લાગી જવાની ભીતી વધુ નાસીપાસ કરે છે. તેમનો આત્મવિશ્વાસ તળિયે જાય છે. ૪૫-૫૦ વર્ષની વય સુધી નોકરી–ધંધામાં સ્થાયી ન થનાર કે પછી નોકરી-ધંધો ગુમાવનાર પુરુષને જો યોગ્ય સમયે સપોર્ટ ન મળે તો હતાશ થઈને ઘરે બેસી જવાના કિસ્સા આપણી આસપાસ ઘણા જોયા છે.

### સ્ત્રી તરફી કાયદા અને પુરુષ

ભારતીય ન્યાયસંહિતામાં સ્ત્રીના હક્કો તથા તેમના રક્ષાણ માટે અમુક કાયદાઓ ઘડાયા છે, પણ જાણતા-અજાણતા તેમાંના અમુક કાયદાઓ સ્ત્રી તરફ વધુ ઝુકેલા છે અને પુરુષોને અન્યાયકર્તા છે.

૧. લીવ ઈન રિલેશન અને પરસ્પર સંમતિથી થયેલ જાતીય સંબંધ : બંને પાત્રો વચ્ચે સંબંધ જ્યારે ખાટા થાય છે ત્યારે કાયદાનો બહુ આસાનીથી ગેરઉપયોગ કરીને સ્ત્રી તેના પુરુષ સાથીદાર ઉપર બળાત્કારનો ગુનો નોંધવીને તેને બેહાલ કરી મૂકે છે.

૨. IPC 498A (BNS section 85 & 86) દહેજ ઉત્પીડન અને Domestic Violence Actનો ગેરઉપયોગ જગજાહેર છે. દહેજ જેવા દૂષણ સામે સ્ત્રીને રક્ષણ આપતા કાયદાનો ઘણી

સ્ત્રીઓએ ગેરઉપયોગ કરીને કિન્નાખોરીથી પતિ અને સાસરિયાંને ધોળે દિવસ તારા દેખાડ્યા છે.

૩. Divorce alimony (ભરણપોષણ) અને બાળકોની કસ્ટડી : ડિવોર્સ લેતી વખતે ટૂંક સમયના લગ્નજીવન હોય તો પણ સ્ત્રીઓ દ્વારા ઘણી વાર અનાપસનાપ એલિમની રકમ સેટલમેન્ટ માટે લેવામાં આવે છે. ભણતર, નોકરી, લગ્ન, વડીલોની સંપત્તિમાં સ્ત્રીઓને સમાન તક આપ્યા પછી પણ ભરણપોષણની જવાબદારી છોકરા પર નાખવી એ છોકરાને અન્યાયકર્તા છે.

છૂટાછેડ બાદ નાનાં બાળકોની કસ્ટડી હંમેશાં માતાને સોંપીને ભારતીય ન્યાય સંસ્થાઓએ પિતાની પેરેન્ટિંગ સ્કીલ ઉપર ક્યારેય ભરોસો રાખ્યો નથી. ઘણા કિસ્સાઓમાં કોર્ટનો ચોખ્ખો નિર્દેશ હોવા છતાં પણ સ્ત્રીઓ તેમના પતિને બાળકોથી વંચિત રાખે છે.

૪. ઘણી વાર પોતાની મરજી વિરુદ્ધ થયેલ લગ્નમાંથી છુટકારો મેળવવા છોકરી તેના પતિ ઉપર નપુંસકતાનું ખોટું આળ ચઢાવીને છૂટાછેડા ઈચ્છતી હોય છે. આમાં બિચારો પતિ વગર વાંકે બદનામ થાય છે અને છૂટાછેડાનું લેબલ લાગી જાય છે.

**લેડીઝ ફર્સ્ટ અને વિમેન રિઝર્વેશન :**

આજના મૉડર્ન જમાનામાં પણ સ્ત્રી - પુરુષ સમાનતાની વાતો કરીને અસંખ્ય ઠેકાણે ઘણી બધી સગવડોમાં સ્ત્રીઓને પ્રાધાન્ય અપાય છે. શિક્ષણથી માંડીને નોકરીમાં ઓછા મેરિટવાળી મહિલા કેન્ડિડેટ બાજી મારી જાય છે, આટલું જ નહીં, ગ્રામ પંચાયતથી માંડીને લોકસભામાં મહિલા રિઝર્વેશનને લીધે ઘણા કામગરા પુરુષોની કારકિર્દી રઝળી પડે છે. મહિલા સશક્તિકરણના ઓઠા હેઠળ સ્ત્રીઓને વિશેષ પ્રીવીલેજીસ અને અણગમતી જવાબદારીમાંથી છુટકારો એમ બંને હાથમાં લાડવા મળી જાય છે અને પુરુષો મોં વકાસીને જોતા રહે છે.

આમ તો મોટાં વાવાઝોડાં, ધરતીકંપ, ધંધામાં ખોટ જેવાં અનેક સંકટોનો સામનો પુરુષ આસાનીથી કરી લે છે, પણ ઘરમાં સ્ત્રીહઠ અને ત્રીયા ચરિત્ર સામે તેને હથિયાર હેઠાં મૂકવા પડે છે. શારીરિક બળમાં અધિક શક્તિશાળી પુરુષ, ભાવનિક શોષણ સામે હતપ્રભ અને મજબૂર બની જાય છે. પુરુષ રડીને હૈયાનો ભાર આસાનીથી હળવો કરી શકતો નથી. પુરુષ કોરી આંખોએ રડે છે અને એટલે જ પુરુષનાં આંસુ દેખાતાં નથી, ડૂસકાં સંભળાતાં નથી.

(International Men's Day 19 November દિને લખાયેલ લેખ)

(ભુજપુર)
9869030809

# કૃત્રિમ બુદ્ધિમત્તા



✻ રાજેશ જવેરબેન નરશી સાવલા ✻

નવેમ્બર મહિનાના પગદંડીના મુખપુષ્ઠ વિષે આપ સૌએ વાંચ્યું જ હશે કે કેવી રીતે માત્ર શબ્દોમાં વર્ણન કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી એસ. એસ. વૈતરણાનું ચિત્ર બનાવવામાં આવ્યું હતું.

શું છે આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ? એ શું કરી શકે છે? વિશ્વની આ સૌથી લેટેસ્ટ શોધ વિષે ઘણું લખાઈ રહ્યું છે. ઘણી ચર્ચાઓ થઈ રહી છે. મૅન વર્સિસ મશીનના કેટલાય વિવાદો ફરી એકવાર ચર્ચાઈ રહ્યા છે, ત્યારે ચાલો આ કૃત્રિમ બુદ્ધિમત્તા વિષે થોડુંક મમળાવીએ.

માનવ પાસે બુદ્ધિ છે જેથી તે વિચાર કરી શકે છે. માનવની બુદ્ધિ કુદરતી છે, પણ જ્યારે મશીન માણસની જેમ વિચારી શકે અને વિચાર શક્તિથી થતા કામ જેવા કે શીખવું, સમસ્યા ઉકેલવી, (problems solving), (Decision making) પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવો વગેરે કરી શકે તેને કૃત્રિમ બુદ્ધિમત્તા કહેવાય છે.

કૃત્રિમ બુદ્ધિ એટલે artificial intelligence કેવી રીતે કાર્ય કરે છે?

કોમ્પ્યુટરમાં અસંખ્ય માત્રામાં માહિતીની જરૂર પડે છે. આ માહિતી (data) છબીઓ (images), (text) લેખ, (audio visiual) - સંવાદ દ્રશ્ય વગેરે સ્વરૂપમાં કોમ્પ્યુટરમાં feed કરવામા આવે છે. અને આપણે પુછેલા પ્રશ્ન માટે માહિતીમાંથી pattern શોધે છે. આ કામ કૉમ્પ્યુટરમાં રહેલ ગણિતીય મૉડેલ (algorithm)ની મદદથી થાય છે. અને આ કામ વીજળીવેગે થાય છે. અને સેકન્ડમાં જવાબ મળી જાય છે.

આજે Gemini, ChatGPT, Notebooklm વગેરે કૃત્રિમ બુદ્ધિમત્તા માટેના એપ્લિકેશન હાજર છે. આ બધી એપ્લિકેશન તમારા સ્માર્ટફોનમાં ઉપલબ્ધ છે. જે પ્લેસ્ટોર playstoreથી download કરી શકાય છે.

માનવમગજ બહુ complex છે. જ્યારે આપણે કોઈ વસ્તુ જોઈએ છીએ કે સાંભળીએ છીએ ત્યારે આપણી ઈન્દ્રિયો, આંખ અને કાન આ અવાજ કે દ્રશ્ય મગજને મોકલે છે. મગજ પહેલથી સંઘરેલી માહિતીમાંથી સરખામણી કરી તરત જવાબ આપે છે અને આપણે તરત જ તે વસ્તુ કે અવાજને ઓળખી શકીએ છીએ આવું જ મૉડેલ કૉમ્પ્યુટર વૈજ્ઞાનિકોએ બનાવ્યું છે.

AIની મદદથી ઝડપથી થતા કાર્યની થોડી ઝલકઃ

૧. આજે Alexa, Google assistant વગેરેમાં આપણા અવાજથી પ્રશ્ન પૂછીએ છીએ અને AI જવાબ આપે છે.

૨. youtube અને amazon વગેરેમાં તમે જોયેલ કે inquiry કરેલ વસ્તુ વારંવાર દેખાય છે. સાથે તેની સમકક્ષ વસ્તુ પણ દેખાય છે. જે AIની મદદથી થાય છે. AI તમારી પાછલી માહિતી ને આધારે તમને ગમતી વસ્તુ કે ગીતની ભલામણ કરે છે.

૩. ડ્રાઈવર વગર ચાલતી કાર Teslaએ AIનું સચોટ ઉદાહરણ છે. રસ્તામાં અવરોધો, ટ્રાફિક વગેરે ઓળખી પોતાની મેળે ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડે છે.

૪. એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદ - આપણે બીજા દેશોમાં ફરવા જઈએ અને ત્યાંની ભાષા ન આવડે તો તકલીફ થાય છે. Google translate જેવી ઍપ તરત જ તમે પૂછેલ સવાલ તે દેશની ભાષામાં અનુવાદ કરી આપે છે.

૫. મેડિકલ ફિલ્ડ - રોગોની સચોટ આગાહી કરવા AIનો ઉપયોગ થાય છે.

૬. નવી દવા, રસી વગેરે શોધવા AIનો ઉપયોગ થાય છે. જે Complex રાસાયણિક સંયોજનોનું વિશ્લેષણ કરી આપે છે.

૭. Chatbot જેવી ગ્રાહકોના સવાલોના જવાબ આપવાની સેવા AIની મદદથી થાય છે. જ્યાં માનવ સપોર્ટની સહાયતા વગર Chatbot AI યુઝરના સવાલના જવાબ આપે છે.

૮. બેંકોમાં શંકાસ્પદ વ્યવહારો, છેતરનારા વ્યવહારોને શોધવા, ઓળખવામાં AI ઉપયોગી છે.

૯. માર્કેટિંગ - ગ્રાહકની વર્તણૂકનું વિશ્લેષણ કરી ચાક્કસ ગ્રાહકોને લક્ષ્ય બનાવવા AI જાહેરાતોને વ્યક્તિગત બનાવે છે.

૧૦. શિક્ષણ - વિદ્યાર્થીઓની શક્તિ, નબળાઈ ઓળખી તેને માટે અનુકૂળ વ્યૂહરચના AI બનાવી આપે છે.

૧૧. રોબોટ - ઉત્પાદનમાં પુનરાવર્તિત (Repetitive) અને જોખમી કામ Robotની મદદથી થાય છે જે AI આધારિત હોય છે.

૧૨. કૃષિ - પાર્કમાં લાગેલ રોગોની ઓળખ અને જંતુનાશક દવાઓના ચોક્કસ ઉપયોગ દૂરથી AI સંચાલિત ડ્રોન અને રોબોટસ દ્વારા થાય છે.

૧૩. ચહેરાની ઓળખ (Face Recognition) કરી સુરક્ષાને મજબૂત કરવા AIનો ઉપયોગ થાય છે.

૧૪. Generative AI - નવા કોડ, ગીતો, સંગીત વગેરે બનાવવા AIનો ઉપયોગ થાય છે.

આજે ભલે AIની ઉપયોગિતા પુરવાર થઈ છે. પણ સાથે એના ભયસ્થાનો પણ વિચારવા જેવા છે.

૧. **નોકરી ગુમાવવાનો ડર** - આપણે વર્તમાનપત્રમાં વાંચીએ છીએ કે મોટી મોટી કંપનીઓ જેવી કે TCS, GOOGLE, ACCENTURE વગેરે કંપનીઓએ હજારોની સંખ્યામાં પોતાને ત્યાં કાર્ય કરતા લોકોને ઓછા કર્યા છે. આના કારણે સર્જનાત્મક કામ ન હોય એવા ક્ષેત્રોમાં નોકરી જવાનો ભય છે.

૨. મનુષ્યને નિયંત્રણ ગુમાવવાનો ભય છે. AI ધીમે ધીમે માનવીય બુદ્ધિ કરતાં વધુ કાર્યક્ષમ બની રહ્યું છે, જેથી તે માણસ પર રાજ કરી શકે અને તેને પોતાના વશમાં રાખી શકે એવો ભય સતત રહેલો છે.

૩. AI સંચાલિત હથિયારોનો ઉપયોગ યુદ્ધમાં ભયંકર વિનાશ કરવાની ક્ષમતા ધરાવે છે.

૪. ગોપનીયતાનું જોખમ - વ્યક્તિગત માહિતીનું વિશાળ પ્રમાણમાં એકત્રિત થવું અને તેનું વિશ્લેષણ કરવાથી ગોપનીયતાનું જોખમ વધે છે.

૫. ડીપફેક ઑડિયો અને વીડિયો - AIના કારણે કોઈની પણ છબી અને અવાજની આબેહૂબ નકલ શક્ય છે, જેના કારણે સાચું-ખોટું ઓળખવું મુશ્કેલ બન્યું છે. આજે ઘણા ફિલ્મસ્ટારોએ કોર્ટમાં પોતાની ડીપફેક ઈમેજ રોકવાની માંગ કરી છે, કારણકે તેના કારણે સમાજમાં ખોટી માહિતી ફેલાય છે.

૬. સૌથી મોટો ડર એ છે કે માણસ પોતાની કુશળતા અને સર્જનાત્મકતા ગુમાવી દેશે. જો AI બધું જ કરી લેશે તો માણસ પાસે કરવા માટે કશું જ નહીં બચે.

AI ની ઉપયોગિતા કેટલી પણ હોય, પરંતુ જોખમો પણ ઘણાં છે. તેથી દુનિયાના ઘણા બુદ્ધિજીવીઓ, નેતાઓ અને હિતચિંતકોએ AI પર વધારાના સંશોધન પર રોક લગાવવાની માંગણી કરી છે. તેઓ દુનિયાની સરકારોને AI માટે સખત કાયદા બનાવવા અને તેના નિયંત્રિત ઉપયોગ માટે પગલાં લેવા અપીલ કરી રહ્યા છે.

છેલ્લે એટલું લખવાનું કે સિક્કાની બે બાજુ હોય છે. તેમ AIના ફાયદા પણ છે અને ગેરફાયદા પણ છે. હવે તેનો સંતુલિત ઉપયોગ કેવી રીતે કરવો તે આપણા હાથમાં છે.

**મો.: ૯૭૬૯૦૦૮૮૧૯**

નવેમ્બરના અંકમાં ***ChatGPT***ની મદદથી એસ. એસ. વૈતરણાના ચિત્ર બાદ, પગદંડીએ ડિસેમ્બરના અંકના બધા જ લેખ ***ગુગલ જેમિની***માં ફીડ કરી એની પાસેથી બધા લેખના સાર સમું એક ચિત્ર બનાવવાનો યત્ન કર્યો છે.

# વૃદ્ધાવસ્થા



✻ વસંત જેઠીબાઈ લીલાધર ગાલા ✻

મનુષ્યના જીવનના ઉત્તરાર્ધમાં, કઈ વયે કઈ વ્યવસ્થા તરફ ઢળવું પડતું હોય છે એની સ્થિતિ વિષે આજે વાત કરવી છે. ૬૦, ૭૦, ૮૦ અને ૯૦ વર્ષની વયે માણસ કુટુંબ, સમાજ, મિત્રો અને છેલ્લે પોતાની જાતથી જુદો પડી જતો હોય છે તેનું તાદૃશ્ય અવલોકન સાથે વર્ણન કરવું છે. કોઈ અપવાદ સિવાય લગભગ દરેક માણસના જીવનમાં આ વર્ણન મુજબ તબક્કાવાર સ્થિતિ આવતી જ હોય છે!!

આપણા ઋષિમુનિઓએ ઉપનિષદ અને અન્ય ધર્મશાસ્ત્રોમાં મનુષ્યના જીવનમાં ચાર અવસ્થાઓનું પ્રતિપાદન કર્યું છે. જેમાં બાલાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને છેલ્લે સંન્યાસાશ્રમ સ્વરૂપે જીવન જીવવાની શીખ આપેલી છે.

બાલાશ્રમ - જન્મથી ૨૫ વર્ષ

ગૃહસ્થાશ્રમ - ૨૫ થી ૫૦ વર્ષ

વાનપ્રસ્થાશ્રમ - ૫૦ થી ૭૪ વર્ષ

છેલ્લે સંન્યાસાશ્રમ - ૭૫ થી મૃત્યુ સુધી

આજે છેલ્લા બે આશ્રમો, વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યાસાશ્રમ વિશે વાત કરવી છે.

માણસે કેટલું જીવવું જોઈએ?

પ્રશ્ન જરા અઘરો છે પણ જે નિવૃત્ત થયા છે અને વૃદ્ધાવસ્થા તરફ પ્રયાણ કરી રહ્યા છે તેમને ખરેખર પાનખરનાં વર્ષોમાં જીવનને, આવતી અવસ્થાઓ મુજબ ગોઠવી લઈ, આનંદમય રીતે જીવવાલાયક બનાવી લેવું જોઈએ!

સામાન્ય રીતે ૬૦ વર્ષે પ્રવૃત્ત કાર્યકાળ સાથે અર્થ ઉપાર્જનનો તબક્કો પૂર્ણ થાય.

૭૦ વર્ષે સમાજ તરફથી ઉપેક્ષા થાય! સામાજિક કાર્યોમાં યુવાનો સક્રિય થતાં, વિચારોનો મેળ ન પડે એટલે અળગા થવું પડે!

૮૦ વર્ષે, કેટલીક વ્યક્તિઓ સંઘર્ષમય જીવન ખૂબ ખુમારી સાથે જીવ્યા હોય, ભલે પોતાની શારીરિક તથા માનસિક સ્થિતિ આ ઉંમરે તંદુરસ્ત હોય તોપણ, કુટુંબ તેમ જ નજીકના સંબંધીઓ તરફથી ઉપેક્ષા કરવામાં આવે. વૃદ્ધજનની વૈચારિક શક્તિ પ્રત્યે શંકાની દૃષ્ટિએ જોતાં કૌટુંબિક કાર્યો, પ્રસંગોમાં, ચર્ચા-વિચારણામાં સહભાગી કરાય નહીં. જેથી એકલતા અનુભવી મન અસહાય અને અશાંત બને!

૯૦ વર્ષે દુર્ભાગ્યવશ પોતાના કેટલાંક કુટુંબીઓ અને મિત્રો પરલોક સિધાવી ગયા હોય, સાવ એકલા પડી ગયાનો અહેસાસ થાય, કુટુંબ પર બોજ બની જવાય, શરીર અને મન નબળું

પડે, દૈનિક પ્રવૃત્તિઓ માટે કુટુંબીઓ પર અવલંબન વધે, આવી સ્થિતિમાં જીવન નીરસ લાગે અને આ ફાની દુનિયામાંથી વિદાય થવા પ્રભુ પાસે પ્રાર્થના કરી મૃત્યુ માટેની ઝંખના થાય, કેટલું જીવવું ? આ પ્રશ્નના જવાબમાં એટલું જ તારણ કાઢી શકાય કે આજના સમયમાં સંન્યાસાશ્રમની શરૂઆતમાં જ મનુષ્યે પોતાની જીવનલીલા સંકેલાઈ જાય એવી પ્રભુ પાસે પ્રાર્થના કરવી. લાંબું આયુષ્ય એ વરદાન નહીં, પણ આજના સમયમાં એક શ્રાપ બની રહે છે!!

કોઈ પુણ્યશાળી આત્મા જ સંપૂર્ણ સુખદાયક લાંબું આયખું જીવી શકે!! એવી જૂજ ભાગ્યશાળી વ્યક્તિઓ અભિનંદનને પાત્ર છે!! આજની પેઢી પાસે સમયનો અભાવ છે! લાગણી હોવા છતાં વૃદ્ધોની સેવા માટે સમય ફાળવી શકતા નથી!

વૃદ્ધોએ હવે જે અને જેટલું મળ્યું તેમાં સંતોષ માની લઈ, જીવનને પ્રફુલ્લિત બનાવી, ઈશ્વરની ભક્તિ તરફ મન વાળી, શેષ વૃદ્ધત્વ વિતાવવા પ્રયત્ન કરવો જોઈએ, જેથી આજની યુવા પેઢી જ સમય આવતાં વૃદ્ધ થાય ત્યારે એમને આપણું અનુકરણ કરી સુખી જીવન જીવવાની શીખ મળે!

સૌ વૃદ્ધ બંધુ-ભગિનીઓના સૂર્યાસ્તનાં વર્ષો મંગલમય બને એવી શુભકામના સાથે વીરમું છું!!

દેવપુર / મુલુંડ
મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮

Since 2000
100% Pure Vegetarian

श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी

Our Products
Bakery & Confectionery • Cakes & Patisserie
Indian Sweets • Hot Farsan
Dry Farsan • Low Calorie Food (Diet Food)

100% PURE JAIN PRODUCTS

3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
72 77 88 33 55 / 800 9955 443

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

**પગદંડી નવેમ્બર- ૨૫ના અંક - 'હું માટુંગા બોર્ડિંગ બોલું છું'નો લેખ**

I read the article on Matunga Boarding.

Very well written article. Giving all the information and details of the Matunga Boarding and progress of the Institution and necessity of the institution.

Please keep on writing.

**- Buddhichand Gangabai Hirji Maru,**
Halapar

• • • • • • • • • • • • • • • • • • • • • •

નવેમ્બર ૨૦૨૫ના અંકમાં 'હું માટુંગા બોર્ડિંગ બોલું છું'ના લેખમાં સંસ્થાનો ભવ્ય ઈતિહાસ શ્રી વસંત મારુ (ગામ કોડાય)એ ખૂબ સંશોધન કરીને જૂના સમયની માહિતી મેળવીને બોર્ડિંગનો ઈતિહાસ લખ્યો છે. એમને ખૂબ ખૂબ અભિનંદન.

અત્યારે ભવ્ય ઈમારત, લગભગ ત્રણ-લાખ ચો.ફૂટની જગ્યા જેમાં આધુનિક સગવડો ધરાવતું છાત્રાલય, નામાંકિત સ્કૂલ શિશુવનના નામે (ICSE) સંલગ્ન, કૉલેજની હોસ્ટેલ-છાત્રાલય વગેરે વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે.

મારું પુનઃનિર્માણની હકીકતમાં ઈતિહાસમાં થોડાં નામ ઉમેરવાની જરૂરત લાગે છે.

૧) રવિલાલ ઠાકરશી સંગોઈ (પુનડી), નવનિર્માણમાં એમનું યોગદાન ખૂબ વધારે.

૨) શ્રી હરખચંદ વેલજી ગાલા (વડાલા) - આદ્ય વિદ્યાર્થી ઋણ સ્વીકાર અભિયાનના જન્મદાતા

૩) ધનજી ઘેલાભાઈ શાહ (દેશલપુર) નવી બિલ્ડિંગના બાંધકામ દરમ્યાન વર્ષો સુધી પોતે હાજરી આપીને દેખરેખ રાખનાર

૪) નાણાકીય ટંચાઈ, અગવડ વખતે સફળ નાણાકીય વહીવટ સંભાળનારા શ્રી પોપટલાલ ભારમલ (રાયણ)

તેમ જ કેટલાય નામી-અનામી મિત્રો. વધારામાં તે વખતના સમાજના દાતા પરિવારો એંકરવાળા, નવનીત, પ્રિન્સ, શ્રી જગશી જેઠાભાઈ વગેરે વગેરે તો ખરા જ.

**દામજી મીઠાબાઈ ઉમરશી સાવલા,**
(ડુમરા)
બોર્ડિંગ સેક્રેટરી (૧૯૯૦ - ૨૦૦૫)
મો. : ૯૯૬૭૫ ૦૫૧૨૫

પગદંડી નવેમ્બર, ૨૦૨૫ના અંકમાં પાના નંબર ૨૭માં વસંતભાઈ મારુ દ્વારા લખાયેલ ઉપરોક્ત લેખ હું માટુંગા બોર્ડિંગ બોલું છું, ખરેખર આવકારદાયક છે. વસંતભાઈ તમને ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન. આપણા ગ્રુપના બધા જ મિત્રોને અને આદ્યવિદ્યાર્થીઓને અવશ્ય વાંચવા માટે આ મૅસેજ મોકલ્યો છે.

લક્ષ્મીચંદ કંકુબાઈ મુરજી વોરા,
ગામ બગડા

••••••••••••••••••••••

માટુંગા બોર્ડિંગનો લેખ મને બહુ ગમ્યો છે. બહુ સુંદર માહિતી એમાં ગુંથાયેલી છે. હું પણ ત્યાં રહીને ભણ્યો છું. વેલજીબાપા પાસેથી ઘણું શીખ્યો છું.

પ્રથમ બે બાળકોને વેલજીબાપા અમારા ગામ બારોઈથી તેડી લાવ્યા હતા. એમને મુંબઈ લઈ આવવા બાળકોના વાલીઓને સમજાવવા ઘણી મહેનત કરી હતી. એક રૂમ ભાડે રાખી એમને રાખ્યાં હતાં અને બંને બાળકોને પોતાના ઘરે જમાડતાં હતાં. કચ્છી બાળકો ભણે, એમનો વિકાસ થાય એવી એમની ખેવના, ઈચ્છા માટે કાર્યકરો સાથે તનતોડ પ્રયત્ન કર્યા. આ સો વર્ષથી વધુના સમયમાં સેંકડો કાર્યકરોએ બોર્ડિંગ માટે ખૂનપસીનો વહાવી સમાજ વિકાસ માટે કામ કર્યું છે.

બોર્ડિંગના આવા નામી-અનામી કાર્યકરોને વંદન. લેખના લેખક વસંત મારુ દર વખતે એક નવા પ્રેરણાદાયક વિષયને લખી પગદંડીના વાચકોને સમૃદ્ધ કરે છે. પગદંડીના તંત્રીઓને વિવિધ લેખકોના લેખો છાપવા માટે ખૂબ ખૂબ આભાર.

હરખચંદ પાનબાઈ ભાણજી કેનિયા
બારોઈ

AI એ એક સાધન છે, જે તેના સર્જકો અને વપરાશકર્તાઓના મૂલ્યો અને ઈરાદાઓ દ્વારા આકાર પામે છે, તે સ્વાભાવિક રીતે સારું કે ખરાબ નથી.


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૮

# પગદંડી

અંક : ૦૯ ડિસેમ્બર ૨૦૨૫

**તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે**

**સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)

મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

**ડસ્ટબીન**

ડસ્ટબીન આ શબ્દ હમણાં ખૂબ પ્રકાશમાં તથા ખૂબ ચર્ચામાં છે. ઘરડા, વયસ્ક લોકો માટે ટીખળખોર છોકરાઓ આ શબ્દોનો પ્રયોગ મસ્તીમાં કરે છે. મને લાગે છે તેઓ નાસમજ, નાદાન અને અપરિપક્વ પીઢી છે. જેઓના માટે આ શબ્દ વપરાય છે તેઓને ખૂબ દુઃખ થાય છે. આવા શબ્દો સાંભળી ક્યારેક તેઓની આંખમાંથી આંસુ સરી પડે છે.

વાસ્તવમાં જેઓ માટે આ શબ્દનો પ્રયોગ કરે છે કે તેઓ ઘરડા, વયસ્ક, બુઝુર્ગ નથી. તેઓ એકલવાયા, શાંત, પ્રેમાળ અને દૂરદર્શી હોય છે. તેઓની પાસે જ્ઞાન અને અનુભવનો ભંડાર હોય છે. તેમની સાથે વાત કરવાથી ઘણું જાણવા મળે છે. ઘણા પ્રશ્નોના ઉકેલ તેમની પાસે હોય છે. કૌટુંબિક આંટીઘૂંટી, પ્રશ્નોના ઉકેલ પણ તેમની પાસે હોય છે. તેઓ આપણાં માતા-પિતા સમાન હોય છે, તેમને વંદન, નમસ્કાર કરવા જોઈએ.

હસતા હસતા આપણે મસ્તી કરીએ છીએ, પછી કર્મબંધ થાય છે જે રડતા રડતા પણ છૂટતા નથી. વડીલોનું, બુઝુર્ગોનું કરેલું અપમાન નરકનાં દ્વાર ખોલે છે.

પરંતુ આ પ્રવાહ છે. હાલ સમય એમની સાથે છે. એમની વય છે. બુઝુર્ગ, ઘરડા વડીલોને ડસ્ટબીન કહેવાની ફૅશન ચાલી નીકળી છે. જેઓ આ શબ્દનો વાપર કરે છે તેઓ પોતાના સંસ્કારોનો પરિચય આપે છે. તેઓનો નથી બોલવાની, નથી વિચારોની, નથી રહેવાની સમજણ. આવા વિચારો અને વ્યવહારના કારણે ઘરમાં, કુટુંબમાં, સમાજમાં ઘણી સમસ્યાઓ ઊભી થઈ રહી છે.

ફૅશન, ફૅશન, ફૅશન... ઘણી બધી ફૅશનો આવી અને ચાલી પણ ગઈ. આ ફૅશન કોણ કાઢે છે અને ક્યારે લોપ થઈ જાય છે સમય જ જાણે, પણ બુઝુર્ગ, ઘરડા લોકોને ડસ્ટબીન કહેવાની ફૅશન લાંબી ચાલશે.

૪૦ વરસ પહેલાંની વાત છે. રેડીમેડ અને જ્વેલરી ખરીદી માટે મુંબઈ જવાનું થતું. હું અને નાનો ભાઈ સાથે જતા. મારી

ઉંમર ૨૩ વર્ષ, નાના ભાઈની ૨૦ વર્ષ. ભુલેશ્વરમાં થોડી ખરીદી પતાવી એક વેપારીને જમવા માટેની કોઈ વ્યવસ્થા હોય તો પૂછ્યું તો કહે ગલીમાં પહેલા માળે ભોજનાલય છે. જમવાનું સરસ છે. અમો ગયા તો ગિર્દી હતી. ૧૫-૨૦ મિનિટ પછી અમારો નંબર આવ્યો. અમે જેવા ભોજન ખંડમાં પ્રવેશ્યા કે બે-ત્રણ જણાએ અમને આવો મોટા કાકા, આવો નાના કાકા તરીકે સંબોધ્યું. અમો મુંબઈમાં નવા હતા. થોડા ગભરાઈ ગયા કે શા માટે અમને કાકા સંબોધવામાં આવ્યા. અમારી કાકા જેટલી તો ઉંમર પણ ન હતી. જમણ પતાવી બહાર નીકળતા હતા ત્યારે વળી બીજા બે જણાએ આવજો કાકા કહ્યું.

આજે ૪૦-૫૦ વરસથી નાના હોય કે મોટા હોય, બા હોય કે બાપા. બધાને કાકા-કાકી કહેવાની પ્રથા ચાલુ છે. હવે ઈંગ્લિશ કલ્ચર આવ્યું છે એટલે Uncle અને Aunty શબ્દ આવી ગયા છે. Uncle અને Aunty કહેવાની ફૅશન. પછી આવી ટાઈટ પૅન્ટ પહેરવાની ફૅશન. દૂબળા-પાતળા પણ ટાઈટ પૅન્ટ, ઈન શર્ટ કરી બજારમાં ફરે તો એમ લાગે સાપલો બજારમાં ફરી રહ્યો છે.

પછી આવી બેલબોટમની ફૅશન, બેલ એટલે ઘંટ. ઘંટ વગાડીએ તો આપણા હાથ આગળ-પાછળ જાય. પણ પેંટની બોટમ ૨૪-૨૬ હોય અને ચાલે તો બોટમ દાહીને-બાયે હિલોળા ખાય. પછી આવી હિપ્પીકટ ફૅશન. બિચારા વાળંદ લોકોના ધંધા જ બેસી ગયા અને હમણાં ચાલી રહી છે ફાટેલી જીન્સ પહેરવાની ફૅશન. કુટુંબ સાથે ભિખારીઓને પણ શરમાવે તેવી ફૅશન.

**ડસ્ટબીન :** અમારી કિસ્મતમાં ડસ્ટબીન થવાનું લખેલ હતું. ડસ્ટબીન થઈને પણ અમે તમારી સેવા જ કરીએ છીએ, ફક્ત સ્વરૂપ બદલાયું છે. તમે અમોને જ્યાં મૂકો ત્યાં અમે ચૂપચાપ બેસી રહીએ છીએ. ક્યારેક આ રૂમમાં, તો ક્યારેક બીજા રૂમમાં. ક્યારેક તમારી સગવડ માટે અમને ઓસરીમાં પણ મૂકી દો છો. કારણકે અમારી અવસ્થા, અમારા નસીબ એવા છે, નવા હતા ત્યારે ખૂબ સાવચેતી લેતા. જેમજેમ જૂના થતા ગયા તેમતેમ તમારી પ્રિત ઓછી થતી ગઈ. ક્યારેક અમારું ઉપરનું હેંડલ તૂટી ગયું, તમોએ રિપૅર કરી લીધું. ક્યારેક વધારે વજનના કારણે સાઈડમાં ક્રૅક થઈ ગયા, નીચે કાણું પડી ગયું, એમાંથી પ્રવાહી પણ નીકળી જતું, પણ તમોએ અમારી ખૂબ કાળજી લીધી. રિપૅર કરાવી ફરી કામમાં લઈ લીધી પણ હવે અમેં બધી બાજુથી તૂટી ગયા છીએ. હવે રિપૅર થવાની શક્યતા નથી. હવે એટલું જ કહેવાનું છે કે તમારો ખૂબખૂબ આભાર.

ચીમનલાલ સાકરબેન વિસનજી દેઢિયા
મો. ૯૮૨૨૨૦૧૨૨૫

## પાણી પહેલાં પાળ બાંધવી

મુંબઈવાસી જેમણે ૬૦/૭૦ દાયકામાં મુંબઈના દંગલ જોયા છે, એમને કડવો અનુભવ યાદ હશે. એ પછીની પેઢી જેમણે આવો અનુભવ થયો નથી, એમણે વડીલોને પૂછીને એ સમયનો અનુભવ સાંભળ્યો હશે, એ ઘટનાઓ જાણી હશે. જેમાં પરપ્રાંતિય વ્યક્તિને અહીંની ભાષા ન જાણવા માટે અહીંના સ્થાનિક પક્ષના લોકોએ જે પ્રમાણે પરેશાન કર્યા, એ તો શરૂઆત છે, એ ઘટનામાંથી બોધપાઠ લેવા જેવો છે. આ પ્રકારની ઘટના ફરી નહીં થાય એની કોઈ ખાત્રી નથી. એનાં સ્વરૂપ મોટા પાયે પણ થઈ શકે. એમે આપણે આર્થિક પ્રગતિ અને એનો દેખાડો એ એમનાથી દેખી શકાતો નથી.

આવું થશે કે નહિં જ થાય એની કોઈ ગેરંટી આપી શકાતી નથી. હમણાંની સરકાર ફરી ચુંટાઈ આવશે એ ચોક્કસ રીતે કહી શકતો નથી. જુદાં પડેલા બે પક્ષો ફરી એક થાય એવા એંધાણ થઈ રહ્યાં છે. મુંબઈ મહા પાલિકાની ચૂંટણી આવી રહી છે. તો બન્ને પક્ષો સાથે લડીને ચુંટણી જીતી શકે. સત્તા હાથમાં આવતાં તેઓ શું કરશે કાંઈ કહેવાય નહીં.

અને બીજી શક્યતા છે. આપણા હાથનોમાર ખાધેલ આપણા પાડોશી દેશની. જે બીજાએ ચઢાવ્યો ચઢીને ક્યાંય યુદ્ધ નોતરે. આપણો બીજો પાડોશી દેશ મફતમાં યુદ્ધ સામગ્રી આપે છે. એને યુદ્ધ કરવા નોંતરી શકે. ન કરે નારાયણ યુદ્ધ જેવી પરિસ્થિતી ઊભી થાય તો એમનું પહેલું નિશાન આપણી આર્થિક રાજધાની મુંબઈ હશે. હવે યુદ્ધની પદ્ધતિ બદલાઈ ગઈ છે. પહેલાંની જેમ બે સેનાઓ સામસામે આવીને યુદ્ધ નથી ખેલાતું. હવે નવીજાતની શસ્રો વડે ઘેર બેઠા કે વિમાની હુમલા મીસાઈલો દ્વારા કરાય છે.

આ બે શક્યતા નજરમાં રાખી આપણાં માદરે-વતન ગુજરાતમાં મોટા શહેરોમાં ક્યાંક આપણું પોતાનું ઘર હોય તો એ માટે અત્યારે જ બીજું ઘર ગુજરાતમાં લેવાનું આયોજન કરવું જ રહ્યું. ગુજરાતમાં વડોદરા જેવા શહેરોમાં મુંબઈ કરતાં અડધા ભાવે રહેઠાણો મળી શકે છે.

ઉપરની બંને શક્યતાઓ ઊભી ન પણ થાય તો વિકઍન્ડમાં બે-ત્રણ દિવસ માટે ફોર એ ચેંજ ત્યાં જઈ શકીએ. બીજું એક પાસું છે મુંબઈમાં હાય રાઈઝ બિલ્ડિંગોમાં અકસ્માતની શક્યતા વધુ હોય છે. ક્યારેક આગ, ધરતીકંપ જેવી ઘટનાની શક્યતાને અણદેખી ના કરી શકાય. આવું કાંઈક થાય ત્યારે આપણા ઘરના કે વ્યવસાયના મહત્ત્વના દસ્તાવેજોને એક કૉપી બીજા ઘરમાં સલામતી રીતે રાખી શકાય. તો આ બાબત વિચારોને પાણી પહેલાં પાળ બાંધેલી હોય તો નિરાંત રહે.

જયંત ગોમીબેન ગણશી જાગાણી
માપર - (હાલે-સોલાપુર)

# ઊર્મિલહર



✲ સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા ✲

મિઠા,

પાં હાણે કાનેં-મંતર વિગરજેં કચ્છી શબ્દેંમેં ‘વસત’નૂં ઈગીયા ઠેઠ ‘વસન’ તઈં પુજી આયાસીં. ઈન જાતરામેં પાં કેંડાં કેંડાં નવાં-જુનાં આધૂનિક ને ગ્રામ્ય તળપદા શબ્દ સમજ્યાસીં. ગ્યે મેણે પાં (૧) વસત - વસ્તુ (૨) વસતર - વસ્ત્ર ને (૩) વસતર - ભગવાન, કુળદેવી ઈ.નાં વસ્ત્રો શબ્દેંજી ઓડખ કિઈ. વસ્ત્ર - કપડા -લૂગડા એંડા કચ્છી પર્યાય પધરા ક્યા. હાણે વસ્ત્ર પુઠીયા ઈનકે ‘ટકર ડે’ એંડો જ હિકડો અતિ સામાન્ય શબ્દ સામે આવ્યો આય ત ક્યૂં ઈનજી ગાલ.

વસન (પું) - વ્યસન, (m) Habit, Addiction.

ઈન ‘વસન’ શબ્દ જા અનેક પાસાં અંઈ ઈનજા સમાનાર્થી કચ્છી શબ્દ પણ ઘણે અંઈ. કદાચ ઘણે કે નવાઈ પણ લગંધી જે હિકડે ‘વસન’ જા કિતરા રૂપ? જીં વસ્ત્ર મે પાં ‘વેશ’ કે ‘બહુરૂપિયો’ ચ્યો તીં હી ‘વસન’ પણ ઓછો નાંય, હલો ક્યૂં ગાલ?

૧) આધત - આદત, Habit ‘વસન’જે ‘કુરુમ’જો પૅલો મેમ્બર આધત ઈ કોય ધારૂ ક નશીલેં પદાર્થેં વારેજીં શરીર કે નુકસાન કરીંધલ ચીજ નાંય, પણ વ્યક્તિત્વકે નબળો ત જરૂર ભનાય. આધત કુરકુરેજી? મૉડો ઊઠે જી, ટાણે તેં કમ ન પતાયજી, વધે ત વરી ખોટો કુછેજી મતલબ આધત કેરેકટર બીલ્ડીંગમેં અડચણ ત વડી આય,

૨) આધત, ટેવ, હેવા, મિડે, સગા બહુ આવકાર્ય લખણ ત ન જ ભલા! ખસલત ખાસી ન.

૩) પણ છટો, નાડ, લત ઈ આધતનું પણ અભરા દારૂજો છટો, જુગાર જો નાડ, ચોરઈ કરેજી લત ઈ મિડે ધંધા ખાસા ત ન જ.

પણ ઈ પિંઢકે ત નુકસાન કરીએં

પરિવાર કે પણ કોરો રે લા ન ડીયે !

૪) મિણીયાં મથે વિઠલ નાડ ઈ વસન (વ્યસન) જો ભુછડેમેં ભુછડો રૂપ ! નાડે ચડૅ ઊ જિંધગીમેં પાયરી ઊતરી વિઞે. ટેવ ખાસી વે તીં અભરી પણ ! ખાસી ટેવ વાંચેજી, વડેં કે માન ડિનેજી જ પિઈ વિઈ ત કર પાં માડૂ જેડા માડૂ ભની જ વ્યા સમજો!

**પનપટી :** કચ્છી ભાષા અજ હાણે ઘણે ‘‘સુધરી’’ વિઈ આય, પણ અસલ કચ્છી જી હિકડી ચૉવક સંભારે વિગર ન હલંધો. તઞણાં મેં અચે સે ખફણમેં વિઞે (જે બાળોતિયાં જોડે - જન્મજાત આવે તે છેક મૃત્યુ સમયે

(કફનમાં) જ જાય. ઈ ગાલ માડૂ જે સુભાવ મથા આય, અર્થાત સુભાવ કડેં ભધલાજેં જ ન. કુતેજો પુછ વિંગો સે વિંગો

ભલેં તડેં અચીજા!

આંકે વસન જો કો પર્યાય હથ ચડે ત હથ હલાઈજા **૯૮૨૦૪૫૬૮૯૯**

**- આંજો વિશન**

સંસારજે રથમેં મનોરમ મિડે મેમાણ,
વેંધલ મિંજ વિઠા રેઆ, સાથી કેં પરિયાણ.

સફરજા માંગણા, ને મુસાફરજો મરો,
નકાં હલકારેજે કોથરેમેં પિંઢજો હોય કુરો!

હલી હધ પુરી કઈ, તાં સામે ખુતા ખંભ,
પગ થેઆ થંભ, ને પંધ હલણ વિઠા !

---

# 'અલવિદા ૨૦૨૫'

**(બૉમ્બ બ્લાસ્ટ અને ધરતીકંપ થયેલા વર્ષને ૩૧ ડિસેંબરની રાત્રે આપેલી એક અશ્રુભીની વિદાય)**

જાને વાલે સાલ તુઝે,
કૈસે ભૂલ પાયેંગે ?
તુને દિન કૈસે દીખાયેં,
યાદ હમેં વો આયેંગે.

ઐ ખુદા સોચ લે,
ઈન્સા કહાં જાયેંગે ?
તુને છીના હસના ઈનકા,
આજ વો કૈસે ગાયેંગે ?

ધરતી દેખો છીન લીયા સબ,
હરી ભરી હરિયાલી.
ક્યું લાઈ હમ પર દેખો,
દુઃખ સે ભરી દિવાલી ?

લોગ જગડતે દેખો મરતે,
ક્યું કરાયે હોલી?
મંદિર મસ્જિદ કે પથ્થર સે,
ભર દી તુને જોલી !

તુને લેલી રોટી સબકી,
આજ યહાં ક્યા ખોયેંગે?
ઐ ખુદા સોચ લે
ઈન્સાં કહાં જાયેંગે ?

ક્યું તમાશા દેખ રહા તું ?
ક્યા તુઝે મિલ જાયેગા.
તેરે લોગ બનાયે તુઝ કો
પથ્થર ભી હિલ જાયેગા !

આજા અબ તો બારી તેરી,
આને કી ક્યું કરતા દેરી?
મઝહબ મિટાકે દેખલે તું,
બાગ હરા ખીલ જાયેગા.

જલતે હુએ અંગારોં કો
મિલકર હમ બુઝાયેંગે
આને વાલે સાલ તૂઝે
ઈતની હસીં દિખાયેંગે
આજ યહાં હમ નયે જહાંકો,
બાતેં નથી સિખાયેંગે.

**પ્રવીણ જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) - દહિંસર - ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## ગઝલ - પી ગયો

સ્વાદ સૂરાનો લેવા હું વ્યથાને પી ગયો,
અને ધીરે ધીરે આખું આયખું પી ગયો.

ધરાથી નભ સુધીનાં સર્વ તત્ત્વોને માણતો,
હું મૃગજળ પણ ધરાઈને પી ગયો.

પાપ મારે ક્યાં છુપાઈને કરવા હતા
પામવા પ્રકાશને હું અંધકાર પી ગયો.

અહીં તો લડાઈ જામી હતી અધિકારની
હતું એ જામ તારું ને હું પી ગયો.

મારે નિલકંઠ થવાના અભરખા હતા
ઢોળાયેલા વિષને જાણી અમૃત પી ગયો.

નથી દેવા પુરાવા મારી શ્રધ્ધેયતાના
આચમનનું ટીપું તને, સઘળું હું પી ગયો.

**- લીલાધર હાંસબાઈ માણેક ગડા, ''અધા''**

•••••••••••••••

## ફૂટે ઝરણ

દુઃખમાં માનવ શોધધે શરણ
ગમે ત્યાંથી પકડી લે તરણ

પ્રયત્ન કરે દૃઢ મનોબળે,
પથ્થરમાંથી પણ ફૂટે ઝરણ.

માનવીને દોડાવતું રહે સદા
લોભને પ્રલોભનનું હટણ.

સ્વાર્થ સંઘાતો હોય જગમાં
ચાલતા થાય પગુના ચરણ.

'લઘુગોવિંદ' કરો શુભ કાર્ય,
રાખીને સદા મરણનું સ્મરણ.

**- ધનજી મેઘબાઈ કાનજી છેડા, 'લઘુગોવિંદ'**
**ગામ - કુંદરોડી હાલે કલ્યાણ**

## જોખમી આય

સતત તૉકે સંભારણું જોખમી આય,
કાલર વટે મચ બારણું, જોખમી આય.

તૉજી જાધજા કબૂતર રોજ ઊડીને અચેંતા,
ઘરમેં મિનું પારણું જોખમી આય.

પંખા ડૂરિયું, તરાજી પાર ટાંપે વિઠા અંઈ,
હિતે મૉભતમેં હારણું જોખમી આય.

સૉણેમેં આઊં તૉસેં મિલેવારો જ હોસેં,
યાર! નિંધરમેં સારણું જોખમી આય.

સીતારા! હાંણે અંઈ મિડે સુમી રૉયો.
સજી રાત જીવ બારણું જોખમી આય.

**- દીપક નંદા**
**મો. : ૯૯૮૭૯૯૮૯૯૭**

•••••••••••••••

## ખોટા ખેલ

ખોટા ખેલ કરે છે અહીં,
સાચા ગોત્યા જડતા નથી...

જીવતાની છે મોહ-માયા,
લાશને કોઈ અડતા નથી...

વેરાન થઈ છે ધરા હવે,
ભૂતને પીપળા મળતા નથી...

સ્વાર્થના થઈ ગયા સૌ સંબંધો,
ઘાવ માણસનાં કોઈ ભરતા નથી....

આ દુનિયા છોડી જે જાય છે જવાન,
પાછા એ કદી ફરતા નથી...

**- હરેશ ગડા...જવાન**

# શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજની
# વર્ષ ૧ એપ્રિલ, ૨૦૨૪ થી ૩૧ માર્ચ, ૨૦૨૫માં
# યોજાયેલ પ્રવૃત્તિઓનો
# : અહેવાલ :

✤ **પગદંડી :**

લગભગ સાત દાયકાથી પ્રકાશિત થતું સેવા સમાજનું મુખપત્ર પગદંડી કેવળ એક જ્ઞાતિ સંસ્થાનું મુખપત્ર ન રહેતાં વિવિધ રસરુચિ ધરાવતા વાચકો માટે ઉત્તમ વાંચન પીરસતું સામયિક બની શક્યું છે. એને મળેલા વિશેષ સાહિત્યિક સ્પર્શને કારણે પગદંડી ક.વી.ઓ. સમાજ ઉપરાંત અન્ય સમાજોની વાંચનક્ષુધાને પરિતૃપ્ત કરવાની ક્ષમતા અને કદર સંપાદિત કરી શક્યું છે. અમે પગદંડીને સમાજનાં પ્રત્યેક ઘરે પહોંચાડવાના ધ્યેયને પરિપૂર્ણ કરવા પ્રયત્નશીલ છીએ.

પગદંડી દર મહિને નિયમિત પ્રકાશિત થાય છે. હાલ ૭૨૦૦ ઘરોમાં આ માસિક વિતરીત થાય છે. પગદંડીનું ૧૦ વર્ષીય લવાજમ રૂા. ૧૦૦૦ છે. ઑનલાઈન પૅમેન્ટ સુવિધા ઉપલબ્ધ છે. Link-https://cutt.ly/pagdandi

✤ **સંજીવની સ્વાસ્થ્ય યોજના (૨૯ વર્ષથી અવિરત):**

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ પુરસ્કૃત સમાજને મેડિકલ ક્ષેત્રે રક્ષણ આપતી સંજીવની સ્વાસ્થ્ય યોજના ૨૮ વર્ષ પૂર્ણ કરીને ૨૯મા વર્ષમાં પ્રવેશી રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મેડિક્લેમ પૉલિસી નૅશનલ ઈન્સ્યુરન્સ કંપની અને ઈફકો ટોકયો કંપનીમાં રિન્યૂ કરવામાં આવેલ છે.

આ વર્ષ સંજીવની સ્વાસ્થ્ય યોજનાનું પ્રીમિયમ તા. ૧૩ જુલાઈ થી ૨૭ જુલાઈ દરમ્યાન સેવા સમાજ કાર્યાલય ઉપરાંત ડોંબિવલી, મુલુંડ, ઘાટકોપર, અંધેરી, મલાડ, ગોરેગામ, બોરીવલી, નાલાસોપારા, પુના અને સાંગલી, કોલ્હાપુરની સ્થાનિક સંસ્થાઓ ખાતે સ્વીકારવામાં આવેલ. આ વર્ષે કુલ ૭૨૫૬ પૉલિસી રિન્યૂ કરવામાં આવી હતી.

બંને કંપનીમાં રૂા. ૨૪ કરોડ ૪૭ લાખનું પ્રીમિયમ ચૂકવવામાં આવેલ હતું અને મેડિક્લેમ માટે ૮ વ્યક્તિઓને રૂા.૫,૧૧,૦૦૦/-ની લોન આપવામાં આવેલ તેમ જ પ્રીમિયમ ભરવા માટે ૯૭ વ્યક્તિઓને લોન પેઠ રૂા. ૨૬,૧૨,૦૦૦/- તથા પ્રીમિયમ રાહત પેઠે ૫૧ વ્યક્તિઓને રૂા. ૭,૬૨,૭૮૨ આપવામાં આવ્યા હતાં.

❖ **બુક બૅન્ક :**

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ સંચાલિત બુક બૅન્ક જૂન થી ઑગસ્ટ, ૨૦૨૪ દર રવિવારે પુસ્તકોની આપ-લે કરવા માટે સેવા સમાજના મુખ્ય કાર્યાલય ઉપરાંત મુલુંડ, બોરીવલી અને વસઈ સેન્ટર ચાલુ રાખવામાં આવેલ. વર્ષ દરમ્યાન ૬,૨૯,૦૭૧નાં નવાં પુસ્તકો ખરીદવામાં આવ્યા હતાં.

❖ **બુક બૅન્ક કૉમ્પ્યુટર લોન :**

કૉમ્પ્યુટરના માધ્યમથી ભણવા માટે વર્ષ દરમ્યાન ૮ વિદ્યાર્થીઓને રૂા. ૨ લાખ ૫૦ હજારની લોન કૉમ્પ્યુટર/લૅપટોપ માટે આપવામાં આવેલ.

❖ **શૈક્ષણિક લોન યોજના :**

વર્ષ દરમ્યાન ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે કુલ ૮૨ વિદ્યાર્થીઓનો રૂા.૧,૧૩,૧૩,૦૦૦/-ની શૈક્ષણિક લોન અને ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ ભણવા જતા કુલ ૫૦ વિદ્યાર્થીઓને રૂા.૧,૩૦,૦૦,૦૦૦/-ની લોન એમ કુલ રૂા.૨,૪૩,૧૩,૦૦૦/- શૈક્ષણિક લોન આપવામાં આવેલ.

❖ **શૈક્ષણિક સન્માન સમારંભ (૬૨ વર્ષથી અવિરત)**

શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સન્માન સમારંભનું આયોજન અને પોતાના ક્ષેત્રમાં અવ્વલ આવેલ વિદ્યાર્થીઓ માટે શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડનો કાર્યક્રમ તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ યોજાયેલ, જેમાં ૧૧૭ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમના પ્રાયોજક શ્રી ખીમજી હેમરાજ છેડા મેમોરિયલ ટ્રસ્ટ.

❖ **શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડ :**

પોતાના શૈક્ષણિક ક્ષેત્રમાં અવ્વલ આવનાર વિદ્યાર્થીને એવૉર્ડ અને રૂા. ૫૦,૦૦૦/- અર્પણ કરનાર શ્રુત-ગૌરવ એવૉર્ડના દાતા પરિવારની અભિવંદના. ૨૯ શ્રુત-ગુણ-ગૌરવ એવૉર્ડ મેળવનાર દરેક વિદ્યાર્થીઓ જેમણે સફળતા મેળવી તે બદલ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન.

❖ **શૈક્ષણિક વિદેશ સેમિનાર :**

તા. ૧ જૂન, ૨૦૨૪ના રોજ વિદેશ જતા વિદ્યાર્થીઓનો માર્ગદર્શક સેમિનાર અને ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ યોજાયેલ.

❖ **સ્ત્રી–ઉત્કર્ષ યોજના :**

વર્ષ દરમ્યાન ગૃહઉદ્યોગ કરતી ૨૫ બહેનોને ગૃહઉદ્યોગ વધારવા પ્રોત્સાહન આપવા માટે રૂા.૨૨,૨૦,૦૦૦/-ની લોન આપવામાં આવી હતી.

❖ **રહેઠાણ લોન યોજના :**

વર્ષ દરમ્યાન પોતીકા મકાન માટે ૩૨ જરૂરિયાતમંદ વ્યક્તિઓને રહેઠાણ લોન યોજના હેઠળ રૂા. ૧,૦૬,૫૦,૦૦૦/-ની લોન આપવામાં આવી હતી.

✤ **વૈદ્યકીય રાહત યોજના :**

વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં મેડિક્લેઇમ ઉપરાંત વધારાના વૈદ્યકીય ખર્ચ માટે ૨૧૧ જરૂરિયાતમંદ વ્યક્તિઓને રૂા. ૪૪,૨૯,૭૦૫ની રકમની વૈદ્યકીય સહાય આપવામાં આવેલ.

✤ **''નવનીત કપ'' કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ : (વર્ષ ૪૧મું)**

કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ નવેમ્બર, ૨૦૨૪થી માર્ચ, ૨૦૨૫ના સતત ૫ મહિના દરમ્યાન ટી-૨૦, ગામ, જનરલ અને મિડ-ડે કપનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૨૨૫૦ ખેલાડીઓએ ભાગ લીધેલ.

આ વર્ષે ટી-૨૦માં ૪૧ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ મૅચ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ, ગામ ગ્રુપમાં ૨૭ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ તા. ૧૧ માર્ચ, ૨૦૨૫ના યોજાઈ. જનરલ ગ્રુપ A, B, C, D એમ સહવિભાગમાં યોજાઈ. ઉપરોક્ત દરેક ટૂર્નામેન્ટની ફાઈનલ દાદર / માટુંગા ગ્રાઉન્ડ ખાતે યોજાઈ.

A ડિવિઝનની ફાઈનલ મૅચ તા. ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ યોજાઈ જેમાં YMCC સામે અંતરા એસીઝ વિજયી થયા હતા.

B, C, D, ત્રણ ડિવિઝનની મૅચ તા. ૨૦ માર્ચ, ૨૦૨૫ના રોજ દાદર/માટુંગા ખાતે યોજાઈ.

વિસ્તૃત અહેવાલ પગદંડી માસિક મે ૨૦૨૫માં છપાયેલ છે.

✤ **''ગાલા સ્પ્રિંગ્સ'' કપ વૉલીબૉલ ટૂર્નામેન્ટ: (વર્ષ ૨૯મું)**

આ ટૂર્નામેન્ટ આ વર્ષે ૪ વિભાગોમાં યોજાયેલ. ૪ દિવસ, ૫૫ ટીમ, ૧૫૫ મૅચ અને ૫૪૬ ખેલાડીઓએ ભાગ લીધેલ. નવેમ્બર અને ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ શ્રી હી. ભો. ઍન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ) સંચાલિત પેવેલિયન ગ્રાઉન્ડ પર યોજાયેલ.

ગામ ઈનડાયરેક્ટ વિભાગમાં કુલ ૧૦ ટીમોની ફાઈનલ તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ. જનરલ ગ્રુપ ઈનડાયરેક્ટ વિભાગમાં કુલ ૧૨ ટીમ ફાઈનલ તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૪ના યોજાઈ. ગામ ગ્રુપ ડાયરેક્ટ વિભાગમાં કુલ ૧૪ ટીમોએ ભાગ લીધેલ. ફાઈનલ તા. ૦૧ ડિસેમ્બર, ૨૦૨૪ના યોજાઈ. જનરલ ગ્રુપ ડાયરેક્ટ વિભાગમાં કુલ ૧૨ ટીમ, ફાઈનલ તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ના યોજાઈ.

સંપૂર્ણ ટૂર્નામેન્ટનાં પ્રાયોજક : શ્રીમતી તારામતીબેન વિશનજી ગાલા (ડુમરા-થાણા)

✤ **કચ્છી વૉલીબૉલ ચૅમ્પિયનશિપ (K.V.C.):**

IPL ફોર્મેટમાં રમાતી ટૂર્નામેન્ટમાં આ વર્ષે ૧૦ ટીમો બનાવવામાં આવેલ. આ ટૂર્નામેન્ટ રવિવાર, તા. ૨ અને ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ પેવેલિયન

ગ્રાઉન્ડ, માટુંગા ખાતે રમાડવામાં આવેલ, જેનાં મુખ્ય પ્રાયોજક-શ્રીમતી તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા) ગાલા સ્પ્રિંગ્સ.

✤ **આઉટડોર કૅમ્પ :-**

૧૯૮૯થી સેવા સમાજ આયોજિત અરબિંદો આશ્રમના સહયોગથી દર વર્ષે યોજાતા નૈનીતાલ કૅમ્પમાં આ વર્ષે કુલ ૨૦ શિબિરાર્થીઓએ તા. ૮ મે, ૨૦૨૪ના રોજ જયપુર સુપર ફાસ્ટમાં પ્રયાણ કરેલ અને ૧૯ મે, ૨૦૨૪ના રોજ ગરીબ રથમાં પાછા ફરેલ. ગ્રુપ લીડર તરીકે જિજ્ઞા નિલય સાવલા (મોટી રાયણ).

તેમ જ તા. ૧૩ માર્ચથી ૧૭ માર્ચ, ૨૦૨૫ના રોજ મહારાષ્ટ્રમાં આવેલ રમણીય સ્થળ કોકણ ખાતે ફૅમિલી કૅમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગ્રુપ લીડર શીતલ સાલિયા (રતાડિયા ગણેશવાલા) સાથે કુલ ૪૮ વ્યક્તિઓ જોડાઈ હતી. ગ્રુપ લીડરે પોતાની ફરજ સુંદર રીતે નિભાવેલ.

✤ **સાંસ્કૃતિક કાર્યક્રમ :**

સેવા સમાજ સંસ્થાને ૭૫ વર્ષની ઉજવણીરૂપે યોજવામાં આવેલ 'આવજે' નાટકનો ૪૪મો અને અંતિમ પ્રયોગ શ્રી થાણા કચ્છી જૈન સેવા સમાજના સથવારે ગડકરી હૉલ, થાણા ખાતે તા. ૧૪ મે, ૨૦૨૪ના રોજ યોજાયેલ.

✤ **વક્તૃત્વ સ્પર્ધા (બિન્દાસ બોલ) : (વર્ષ ૩૮મું)**

આ વર્ષે બિન્દાસ બોલના પ્રથમ રાઉન્ડ સેવા સમાજ ઉપરાંત ડોંબિવલી, થાણા, મુલુંડ, ઘાટકોપર, મલાડ, બોરીવલી, કાંદિવલી, કોલ્હાપુર, સાંગલી, નાગપુર, છત્તીસગઢ, વાપી, પુના અને સોનગઢ બોર્ડિંગ ખાતે યોજાયેલ. કુલ ૪૫૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ. સેમિફાઈનલમાં ૧૩૦ અને ફાઈનલમાં કુલ ૨૮ સ્પર્ધકોએ ભાગ લીધેલ. ફાઈનલ સ્પર્ધા તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર ખાતે યોજાઈ. સ્પર્ધાના પ્રાયોજક : માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા)

✤ **સક્રિય શ્રવણ વર્કશોપ :**

સમૃદ્ધ જીવન માટે ૧૮ વર્ષની ઉપરની વ્યક્તિઓ માટે સક્રિય શ્રવણ વર્કશોપનું આયોજન તા. ૧૦ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ વેલબાઈ સભાગૃહ, માટુંગા ખાતે કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન સમિતિના કન્વીનર શ્રી પરાગ દેઢિયા (પત્રી) દ્વારા કરવામાં આવેલ. કુલ ૮૦ જેટલી વ્યક્તિઓએ ભાગ લીધેલ.

✤ **આરોગ્ય સંપદા :**

સ્ત્રીઓમાં વધતા જતા ગર્ભાશયના કૅન્સરની આગોતરી જાણ થઈ શકે એ હેતુથી આ કૅમ્પનું આયોજન કરવામાં આવે છે.

✤ **પેરેન્ટિંગ (બાળઉછેર સેમિનાર) :**

બાળકોમાં બાળવિકાસ કળા વિકસાવવા માટેના એપોઈમૅન્ટ દ્વારા નિષ્ણાતો સાથે વડીલો અને બાળકોના માટે કાઉન્સેલિંગ સેશન માટુંગા, ડોંબિવલી, ઘાટકોપર અને બોરીવલી સેન્ટરો પર યોજવામાં આવે છે.

✤ **સેવા સમાજની અન્ય પ્રવૃત્તિઓ**

MARRIAGE EMPOWERMENT OF ENRICHMENT TRAINING (MEET)

**આરતી કપ ફૂટબૉલ સ્પર્ધા**

**વિકાસ કપ બાસ્કેટ બૉલ ટૂર્નામેન્ટ**

✤ **સમાજની એક ઉદ્દેશ ધરાવતી સંસ્થા સાથેની પ્રવૃત્તિઓ :**

સમાજની એક જ ઉદ્દેશ ધરાવતી સંસ્થાઓ જોડે એકજૂટતા કેળવી આ ક્ષેત્રે વિગતવાર કાર્ય કરવા પ્રયત્ન કરવા જેવી રીતે માતુશ્રી મણિબાઈ શિવજી કન્યા કેળવણી ફંડ સથવારે તા. ૬ અને ૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ કૅરિયર સેમિનારનું આયોજન કરવામાં આવેલ. Aptitude Test, The Day with Professional One to one Counseling દ્વારા કેળવણી માર્ગદર્શન ૩૩૯ બાળકો અને ૮૪ વિદ્યાર્થીએ Aptitude Test આપેલ. ૪૦ થી વધારે પ્રોફેશનલ, ૪૪૦ થી વધુ વાલીઓ અને વિશેષ IIT, મેડિકલ, CA, Law, બધા વિભાગના Toper'sને, કચ્છી સમાજના વિદ્યાર્થીને ખાસ આમંત્રિત કરી આવનાર જનરેશનને મોટીવેટ કરવામાં આવેલ.

✤ શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન અને ક.વી.ઓ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે કેન્દ્રીય મધ્યસ્થી સમિતિનું ગઠન કરાયેલ જે અંતર્ગત પરિચય મિલન (સગપણ), પ્રી મેરેઝ કાઉન્સેલિંગ તેમજ છૂટાછેડા, માલ- મિલકત વિશે મૂંઝવણોનો ઉકેલ જેવી પ્રવૃત્તિઓ.

✤ તા. ૧૧ અને ૧૨ મે ૨૦૨૪ના રોજ શ્રી પુના ક.વી.ઓ. સમાજના સહયોગથી પુના મધ્યે યુવક/યુવતીઓના પરિચય મિલનનું આયોજન અને તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મહારાષ્ટ્ર એકમના સથવારે મહાબળેશ્વર ખાતે પરિચય મિલનનું આયોજન કરવામાં આવેલ અને તા. ૧૬ જૂન, ૨૦૨૪ના રોજ શ્રી ડોંબિવલી ક.વી.ઓ. સેવા સમાજના સહયોગથી ડોંબિવલી ખાતે પ્રી-મૅરેજ કાઉન્સેલિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

✤ ઉપરાંત તેમ જ ત્રણેય સંસ્થાના ઉપક્રમે ઉત્કર્ષ પ્રતિષ્ઠાન ઉપક્રમે રહેઠાણ લોન યોજનામાં વર્ષ દરમ્યાન ૨૨ વ્યક્તિઓને રૂા.૧,૧૯,૦૦,૦૦૦/-ની લોન આપવામાં આવેલ.

**આભાર...અભિવંદના...**

- ✤ શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન.
- ✤ શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન.
- ✤ શ્રી હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ)
- ✤ શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન/વડો મહાજન.
- ✤ સેવા સમાજની કાયમી પ્રવૃત્તિઓના આધાર સ્તંભ એવા પ્રાયોજકો નવનીત પરિવાર, ગાલા સ્પ્રિંગ્સ પરિવાર, આરતી ગ્રુપ પરિવાર, ખીમજી હેમરાજ છેડા ટ્રસ્ટ પરિવાર, વિકાસ ગ્રુપ પરિવાર, KVC પરિવાર, શ્રુત-ગુણ-ગૌરવ દાતા પરિવાર,
- ✤ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ સુપેરે ચલાવવા મદદરૂપ થનાર સખીદિલ દાતા પરિવાર.
- ✤ સંજીવની સ્વાસ્થ્ય યોજના અને અન્ય પ્રવૃત્તિઓમાં પોતાના ગામના જરૂરિયાતમંદ પરિવારોને સહાયરૂપ થતાં ગામનાં મહાજનો, કચ્છી મહિલા ફેડરેશન (મહિલા), મહિલા મંડળો, લતાવાર મંડળો, યુવા મંડળો તથા સમાજની સ્થાનિક સંસ્થાઓનો.
- ✤ સેવા સમાજની દરેક પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ/અપ્રત્યક્ષ રીતે સહાય થનાર સર્વે કાર્યકરોનો.

**સેવા સમાજની સફરમાં હમસફર બનનાર સર્વેનો વિશેષ આભાર.**

સેવા સમાજના લેટેસ્ટ અપડેટ માટે ખાસ ટેલિગ્રામ ચૅનલ પર જોડાવો. t.me/sevasamaj અથવા @sevasamaj Telegram ઍપ્લિકેશન પર Search કરો.

---

## શ્રી કચ્છી વીશા ઓસવાળ સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા

શ્રી કચ્છી વીશા ઓસવાળ સેવા સમાજની વર્ષ ૨૦૨૪-૨૫ની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૬ ડિસેમ્બર ૨૦૨૫ના બપોરે ૩.૦૦ કલાકે શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી, ૧લે માળે, ૯૯/૧૦૧, કે.ના. રોડ, ચિંચબંદર, મુંબઈ-૪૦૦૦૦ ૯ મધ્યે નીચે જણાવેલ કામકાજ માટે મળશે.

૧. ગત મળેલ વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી.
૨ ગત મિનિટ્સમાંથી ઉદભવતા મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા.
૩. વર્ષ ૨૦૨૪ - ૨૫ના ઑડિટેડ હિસાબોની રજૂઆત અને બહાલી.
૪. આગામી ૨૦૨૫ - ૨૬ માટે ઑડિટરની નિમણૂક અને મહેનતાણું નક્કી કરવા.
૫. ગત વર્ષની પ્રવૃત્તિઓના અહેવાલની રજૂઆત.
૬. ભાવિ પ્રવૃત્તિઓ વિશે જાણકારી અને ચર્ચા-વિચારણા.
૭. ચૅરિટેબલ કમિશનરના નવા સર્ક્યુલર પ્રમાણે રોકાણ બાબત વિચારણા કરવા.
૮. પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ થાય તે.

નોંધ - કોરમના અભાવે મુલતવી રહેલ સભા તે દિવસે તે જ સ્થળે અડધા કલાક પછી મળશે અને તે કાયદેસર ગણાશે.

લિ. હેમલ હીરજી પાસડ, પ્રવીણચંદ્ર ઠાકરશી દેઢિયા, CA સુનીલ વલભજી દેઢિયા
(માનદ મંત્રીઓ)

# સાંત્વન

(તા. ૧ ઑક્ટોબર, ૨૦૨૫ થી તા. ૩૧ ઑક્ટોબર, ૨૦૨૫)

ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ❂ અવયવદાન : ✹

## પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| જ્યોતિ હીરાલાલ લીલાધર ગડા | ૫૯ | ગઢશીશા | ડોંબિવલી ❂ |
| અ.સૌ. સ્મિતા સંજય ડૉ. ચુનીલાલ વોરા | ૬૪ | નારાણપુર | પુના |
| નવીનચંદ્ર કાનજી ચના છેડા | ૭૮ | રતાડિયા ગણેશ | કાંદિવલી |
| મણિબેન જયંતીલાલ રામજી છેડા | ૮૪ | પત્રી | મુલુંડ |
| શ્રીમતી રમીલાબેન શાંતિલાલ નાનજી ધરોડ | ૬૩ | પત્રી | મલાડ |
| અમોલ (મોટા આસંબિયાનાં મણિબેન વસનજી શિવજી નંદુના જમાઈ) | ૪૮ | — | વિરાર |
| દામજી ખેતશી દેવન સતરા | ૭૯ | લાખાપુર | ડોંબિવલી 👁 ❂ |
| મા. પાનબાઈ ભવાનજી રવજી સતરા | ૯૪ | ગુંદાલા | કુર્લા |
| પ્રભાવતી નાગજી શામજી સંગોઈ | ૮૦ | કપાયા | બોરીવલી |
| દામજી પુનશી ઘેલા શેઠિયા | ૯૩ | વડાલા | બોરીવલી |
| પ્રતીક ભરત રવજી મારુ | ૩૦ | નાના ભાડિયા | નાલાસોપારા |
| દિનેશ શામજી ઘેલા સૈયા | ૭૪ | કારાઘોઘા | ઘાટકોપર |
| વીરચંદ ખીમજી નાગપાર છેડા | ૭૯ | મોટા કાંડાગરા | ડોંબિવલી |
| લતાબેન નાનજી નથુ ગાલા | ૫૬ | મોટા આસંબિયા | મલાડ |
| શાંતિલાલ ભીમશી નિસર | ૮૦ | દેવપુર | ડોંબિવલી |
| ગં.સ્વ. પુષ્પાબેન હરિલાલ કુંવરજી દેઢિયા | ૬૬ | લુણી | લુણી |
| દિનેશ વિશનજી ઠાકરશી વોરા | ૭૦ | સમાઘોઘા | ચેન્નઈ |
| ચંચળબેન ભીમશી નેણશી દેઢિયા | ૮૩ | ગુંદાલા | દાદર (૩ ઉ) |
| રતનબેન ગાંગજી આસારિયા ગાલા | ૮૮ | વાંકી | મલાડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અ.સૌ. ભાવનાબેન લાલજી લખમશી દેઢિયા | ૬૦ | તલવાણા | આકોલા |
| નરેન્દ્ર પ્રેમજી શિવજી ગોગરી | ૭૦ | ગુંદાલા | મુલુંડ 👁 ❂ |
| કેસરબેન કુંવરજી ઘેલા દેઢિયા | ૮૭ | કોટડી (મહા) | મુલુંડ |
| નૂતન ઉપેન્દ્ર કલ્યાણજી લાલન | ૬૫ | કોડાય | ભાંડુપ |
| જયંતીલાલ સોજપાર માણેક દેઢિયા | ૬૯ | ગઢશીશા | મુલુંડ |
| એડ. લક્ષ્મીચંદ શામજી દેવજી રાંભિયા | ૭૧ | ગોધરો | ચેમ્બુર |
| લક્ષ્મીબેન મુલચંદ ભવાનજી વિસરિયા | ૭૬ | કોટડા (રોહા) | કોટડા 👁 |
| હેમકુંવરબેન હરિલાલ ગોસર છેડા | ૮૭ | કુંદરોડી | મલાડ |
| હીરબાઈ પ્રેમજી લખમશી વિસરિયા | ૯૦ | દેશલપુર કંઠી | વિલે પાર્લે |
| શાંતિલાલ મેઘજી કુરપાર ગોગરી | ૭૨ | ત્રગડી | ભાંડુપ |
| લક્ષ્મીબેન જેઠાલાલ ભીમશી નિસર | ૮૫ | દેવપુર | સાંતાક્રુઝ |
| મા. સુંદરબાઈ પ્રેમજી દામજી વીરા | ૯૨ | મેરાઉ | જબલપુર ❂ |
| હરિલાલ નાનજી હેમત સંગોઈ | ૭૩ | ગુંદાલા | ડોંબિવલી |
| વિમળા નાગજી ધારશી દેઢિયા | ૭૬ | નાના આસંબિયા | પુના |
| પ્રવીણ કુંવરજી રવજી શાહ | ૮૩ | મોટી ખાખર | થાણા |
| અમિત નાગજી રવજી છેડા | ૪૩ | તલવાણા | નાલાસોપારા |
| સૂર્યકાંત ખીમજી લાલજી સાવલા | ૬૬ | મોટી રાયણ | નાલાસોપારા |
| દમયંતીબેન મણિલાલ ખીમજી પેથડ | ૭૪ | નવીનાળ | બીજાપુર |
| ખુશાલચંદ લખમશી ગડા | ૭૬ | ભોજાય | ગુલબર્ગા |
| ચુનીલાલ હંસરાજ નેણશી દેઢિયા | ૭૭ | કોટડી (મહા) | મુલુંડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| શામજી વીજપાર ગગુ સંગોઈ | ૮૯ | કપાયા | ગિરગામ |
| તેજબાઈ ખેરાજ ખીયશી નાગડા | ૯૦ | નરેડી | અંબરનાથ |
| કિશોર જાદવજી ઉમરશી ઈસરાણી | ૬૯ | વડાલા | ચેમ્બુર |
| નાગજી ધારશી ચાંપશી શેઠિયા | ૭૯ | લાખાપુર | નાગપુર |
| ચંદ્રકાંત ખેતશી મુરજી વીરા | ૮૩ | નાંગલપુર | લોઅર પરેલ |
| ધીરજલાલ દેવશી દેવજી વીરા | ૮૯ | બિદડા | ચેમ્બુર |
| કેસરબેન પ્રેમજી વેલજી સોની | ૯૩ | દેશલપુર (કંઠી) | દેશલપુર (કંઠી) |
| પ્રીતિ સુરેશ લખમશી ગાલા | ૬૭ | કાંડાગરા | મુલુંડ |
| રમેશ ડૉ. વિશનજી શિવજી ફુરિયા | ૭૬ | નાંગલપુર | વાપી |
| જગદીશ મોરારજી વેલજી સૈયા | ૭૯ | ગેલડા | વલસાડ |
| મણિલાલ લાલજી સાવલા | ૮૩ | પ્રાગપુર | લોઅર પરેલ |
| હરખચંદ લાલજી ઉમરશી વોરા | ૮૫ | મોટી ખાખર | કાંદિવલી |
| કંચનબેન નાનજી નથુ વોરા | ૮૭ | નવીનાળ | કાંદિવલી |
| પોપટભાઈ રવજી પદમશી ગડા | ૯૨ | મોટી રાયણ | સુરત |
| વિજયાબેન પુનશી દામજી પાસડ | ૯૭ | દેઢિયા | ઘાટકોપર |
| અ.સૌ. હેમલતાબેન દિનેશ કાનજી હરિયા | ૬૭ | શેરડી | મુલુંડ |
| દમયંતી જયંતીલાલ ધારશી વોરા | ૭૦ | નવીનાળ | ઉમરગામ |
| અ.સૌ. સરોજ રતિલાલ ખીમજી સંગોઈ (ફુરિયા) | ૭૨ | બિદડા | અમેરિકા |
| મા. મણિબેન કાનજી ધારશી સંગોઈ | ૧૦૦ | નાની તુંબડી | મુલુંડ |
| નવીન લીલાધર માણેક ગોસર | ૭૩ | કોટડી (મહા) | થાણા |
| હેમચંદ લાલજી ભાણજી ગાલા | ૭૬ | મેરાઉ | નાલાસોપારા |
| ભગવતીબેન પ્રેમજી શિવજી વિસરિયા/શાહ | ૭૯ | નવાવાસ | વિલે પાર્લે |
| કાંતાબેન વિનોદ પ્રેમજી વોરા | ૬૮ | નવીનાળ | ડોંબિવલી |
| વલ્લભજી રતનશી કેશવજી સંગોઈ | ૭૭ | સાડાઉ | ડોંબિવલી |
| ડૉ. ચુનીલાલ ગાંગજી રાયશી શાહ /મોતા | ૮૭ | ત્રગડી | દાદર |
| હીરજી મુરજી આસુ નાગડા | ૮૦ | કોટડી (મહા) | મુલુંડ |
| કલ્યાણજી રાયશી વેલજી ગડા | ૮૩ | ભોજાય | અંબરનાથ |
| દમયંતી નવીન મુરજી પાસડ | ૭૫ | દેઢિયા | બોરીવલી (૬ઉ) |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મા. કસ્તૂરબેન નાગજી ભાણજી છેડા | ૮૩ | લાયજા | સાયન |
| વિમળાબેન શામજી ગાંગજી સાવલા | ૯૧ | ડેપા | વિલેપાર્લે |
| અ.સૌ. ગીતા દિનેશ દામજી ગંગર | ૬૫ | મોટી ખાખર | અંધેરી |
| નેમજી હંસરાજ લાલજી સંગોઈ (બોયડ) | ૭૦ | ગુંદાલા | કોપર ખેરણે |
| અ.સૌ. નંદિતા ડૉ. વિનોદ શામજી છેડા | ૭૨ | મોટા આસંબિયા | વડાલા |
| મધુકર (ભોજાયનાં ભાનુમતી મગનલાલ ગાલાના જમાઈ) | ૭૭ | — | ગોરેગામ |
| ધીરેન લક્ષ્મીચંદ ધારશી વીરા | ૬૧ | નાના ભાડિયા | દહિંસર |
| લક્ષ્મીચંદ ગાંગજી વેલજી ધરોડ | ૬૮ | પત્રી | માટુંગા |
| બા.બ્ર. નિર્મળાબેન દામજી મોણશી નંદુ | ૭૫ | બારોઈ | બોરીવલી |
| નેમીદાસ હરશી બૌઆ | ૮૧ | નાની તુંબડી | બોરીવલી |
| વિનોદ રતનશી ગાંગજી દેઢિયા | ૭૦ | બિદડા | બોરીવલી |
| ઈંદિરા કલ્યાણજી રાયશી ખીમસિયા | ૮૦ | ભોરારા | તિલક નગર |
| કેશવજી લધુભાઈ ટોકરશી ગોગરી | ૮૫ | ટોડા | સોલાપુર |
| જિગર હરિલાલ તેજશી સંગોઈ | ૩૫ | કપાયા | ડોંબિવલી |
| કુ. સંગીતા મણિલાલ જીવરાજ વોરા | ૪૬ | પ્રાગપુર | બાંદ્રા |
| વનિતાબેન હરિલાલ કુંવરજી દેઢિયા | ૭૮ | લુણી | દાદર |
| ભવાનજી લાલજી દેવજી રાંભિયા | ૮૯ | રામાણિયા | વિલે પાર્લે |
| કૌશલ સુરેશ પ્રેમજી વોરા | ૪૫ | પ્રતાપર | મલાડ |
| અશ્વિન જાદવજી શામજી લાલન | ૬૩ | વડાલા | ડોંબિવલી |
| જવેરબેન કલ્યાણજી કરમશી છેડા | ૮૮ | લુણી | ચેમ્બુર (૮ઉ) |
| પ્રવીણ કુંવરજી ખીમજી સાવલા | ૭૭ | ભુજપુર | કાંદિવલી |
| ભાનુબેન આણંદજી ઉમરશી દેઢિયા | ૮૨ | સાડાઉ | પનવેલ (૨ઉ) |

## પ્રાર્થના રાખેલ છે

| | | | |
|---|---|---|---|
| જાદવજી હીરજી લખમશી સાવલા | ૮૨ | પ્રાગપુર | ઘાટકોપર |
| નાનજી શામજી કુંવરજી | ૮૩ | મોટી ઉનડોઠ | માટુંગા (૧૩ઉ) |
| પ્રકાશ રતિલાલ દામજી છેડા | ૫૪ | રતાડિયા ગણેશ | પરેલ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| મા. લીલાવંતીબેન શાંતિલાલ શામજી દેઢિયા | ૮૭ | બિદડા | મુલુંડ |
| નીતિન ઠાકરશી રામજી વોરા | ૬૦ | છસરા | મલાડ |
| જયવંતી પોપટલાલ જખુ ગાલા | ૭૮ | વડાલા | પુના |
| સુનીલ શાંતિલાલ પ્રેમજી ભેદા | ૫૭ | સમાઘોઘા | વડાલા |
| ચુનીલાલ શામજી કુરપાર છેડા | ૭૩ | મોટા આસંબિયા | માટુંગા |
| કેશવજી ચાંપશી તેજુ સંગોઈ | ૭૮ | સમાઘોઘા | કાંદિવલી |
| કું રચના જવાહર કાનજી સોનાણી/વોરા | ૪૪ | નવીનાર | ઘાટકોપર |
| રમાબેન ગાંગજી મેકણ સતરા | ૮૫ | સુવઈ | થાણા |
| મા. મેઘબાઈ દામજી શામજી શાહ | ૧૦૧ | ગઢશીશા | ઘાટકોપર |
| શ્રીમતી ભારતી પંકજ જેઠાલાલ શાહ /રાંભિયા | ૬૭ | નાના ભાડિયા | દેવલાલી |
| ચંદ્રકાંત વિશનજી લખમશી લાપસિયા | ૭૪ | કોડાય | કોડાય |
| જગશી ભારમલ મેપશી બુરીચા | ૬૭ | લાકડિયા | તાડદેવ |
| લાલજી પ્રેમજી દેવશી ગાલા (મંગરાઈ) | ૯૮ | સાડાઉ | બોરીવલી |
| રોહિત જેઠાલાલ રવજી શાહ/ધરોડ | ૬૧ | પત્રી | મલાડ |
| નાનજી લાલજી કેશવજી ભેદા | ૯૦ | ગોધરા | વિલે પાર્લે |
| કુસુમ હર્ષદ બચ્ચુભાઈ ગાલા | ૬૩ | વાંકી | વાશી |
| રમેશ વિશનજી ખીમજી રાંભિયા | ૬૮ | રામાણિયા | ડોંબિવલી |
| કેસરબેન માવજી કાનજી પાસડ | ૯૩ | કોટડી (મહા) | પાલઘર |
| જતીન હંસરાજ ભાણજી ગાલા | ૪૪ | સુવઈ | થાણા |
| અ.સૌ. રૂપલ અરુણ દેવચંદ ગંગર | ૫૫ | કુંદરોડી | માટુંગા |
| વર્ષા કિરણ દેવજી ગંગર /શાહ | ૬૦ | મેરાવા | જોગેશ્વરી |
| તારાચંદ કુંવરજી વીરપાર ગાલા | ૬૯ | દેવપુર | ઘાટકોપર |
| સ્મિતાબેન નરેન્દ્ર કરમશી શાહ/છેડા | ૭૯ | શેરડી | સાંગલી |
| લીલાવંતી પ્રેમજી કુંવરજી સોની | ૮૦ | દેશલપુર (કંઠી) | ગ્રાન્ટ રોડ |
| મા. લક્ષ્મીબેન પોપટલાલ ડોસાભાઈ ગાલા | ૯૫ | મનફરા | વડાલા |
| મા. ભાવનાબેન અરવિંદ ખીમજી ભેદા | ૮૧ | ભુજપુર | ઘાટકોપર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| દેવકાંબાઈ વાલજી ખેતશી ગોસર | ૮૪ | ડુમરા | ડોંબિવલી |
| હરખચંદ વીજપાર હીરા દેડિયા | ૭૮ | દેશલપુર (કંઠી) | વિક્રોલી |
| ખીમજી દેવજી છેડા | ૮૭ | કાંડાગરા | અમદાવાદ |
| બિપીન માવજી મુરજી છેડા | ૬૦ | ડેપા | જોગેશ્વરી |
| અ.સૌ. રતનબેન શામજી ભાણજી છેડા | ૮૩ | મોટી રાયણ | ગોરેગામ |
| ચુનીલાલ ધનજી ગડા | ૮૯ | ચીઆસર | ચેમ્બુર |
| દિલીપ વણવીર જીવરાજ ગડા | ૬૨ | લાકડિયા | દાદર |
| ઝવેરચંદ જીવરાજ વીરજી ગડા | ૮૪ | સાભરાઈ | મુલુંડ |
| સાકરબેન લક્ષ્મીચંદ દેવજી શાહનંદ | ૯૧ | ડુમરા | માટુંગા |
| શ્રી શૈલેશ શિવજી મોરારજી શાહ/ગોગરી | ૫૭ | ટુંડા | માટુંગા |

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**



network techlab
Adding Values to Work
DATA CENTER SERVICES
Assured Maximum Uptime with Excellent Support
Network Techlabs Data Center Services includes :
PUE Monitoring
Data Center Assessment
Power Quality Analysis
Data Center Cleaning
AMC Contracts
Electrical Safety and Energy Assessment
Fire Safety and Security Solutions
Air Quality Assessment
Cooling
Powering
Monitoring
info@netlabindia.com
+91 88790 04536

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) DECEMBER 2025 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ 75 સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ સંપ, સંગઠન, સમર્પણ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

